RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં ૨૪ કેરબામાંથી દારૂની ૧૦૮ બોટલ મળીઃ બે બુટલેગરો ઝબ્બે P-4

Year-16, Issue-292 ■ DATE : 26-03-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત સહિત પાંચ દેશો માટે હોર્મુઝ માર્ગ ખુલ્યો

## ભારત અમારૂ મિત્ર તેના જહાજ નહિ રોકાય : ચીન-રશિયા અને પાકિસ્તાનના જહાજો પણ પસાર થઇ શકશે : હોર્મુઝ સ્ટ્રેટ દુશ્મનો માટે બંધ છે પણ મિત્રો માટે ખુલ્લો છે : ઈરાનની સ્પષ્ટા



**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બુધવારે કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ ફક્ત દુશ્મનો માટે બંધ છે. મધ્ય પૂર્વ યુદ્ધને કારણે આ મહત્વપૂર્ણ તેલ અને ગેસ શિપિંગ માર્ગ વર્ચ્યુઅલ રીતે બંધ થઈ ગયો છે. અબ્બાસ અરાઘચીએ સરકારી ટીવી પર કહ્યું હતું કે, અમારા દ્રષ્ટિકોણથી, હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે બંધ નથી; તે ફક્ત દુશ્મનો માટે બંધ છે.આપણા દુશ્મનો અને તેમના સાથીઓના જહાજોને પસાર થવા દેવાનું કોઈ કારણ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેહરાનની સશષ દળોએ પહેલાથી જ મિત્ર રાષ્ટ્રોના જહાજોને સલામત માર્ગ પૂરો પાડ્યો છે.અરાઘચીના મતે, યુએસ, ઇઝરાયલ અને તેમના સાથી દેશોના ટેન્કરો અને જહાજોને રોકવામાં આવી રહ્યા છે, જ્યારે અન્ય દેશોના જહાજોને સંકલન પછી સલામત માર્ગ આપવામાં આવી રહ્યો છે. ચીન, ભારત, ઇરાક, રશિયા અને પાકિસ્તાન જેવા મિત્ર દેશોના જહાજો હજુ પણ પસાર થઈ શકે છે.

ઈરાને ભારત, ચીન અને રશિયા સહિત તેના મિત્ર દેશો માટે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી જહાજોના પસાર થવાને મંજૂરી આપી છે. યુએન સેક્રેટરી-જનરલની અપીલ બાદ, ઈરાનના વિદેશ મંત્રી અરાઘચીના નિર્ણયથી રાહત મળશે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ગુરુવારે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી, જેમાં જણાવ્યું હતું કે ઈરાને ભારત સહિત તેના તમામ ફ્રકમિત્ર દેશોના જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાની મંજૂરી આપી છે. આ પગલું વૈશ્વિક સપ્લાય ચેઇન અને આ દેશો સાથે ઈરાનના રાજદ્વારી સંબંધો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

મુંબઈમાં ઈરાની કોન્સ્યુલેટ જનરલે પણ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નિર્ણય વિશે માહિતી શેર કરી. આ પોસ્ટમાં વિદેશ મંત્રી અરાઘચીને ટાંકીને સ્પષ્ટતા કરવામાં આવી છે કે, અમે ચીન, રશિયા, ભારત, ઇરાક અને પાકિસ્તાન સહિત અમારા મિત્ર દેશો માટે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા જહાજોને સુરક્ષિત રીતે પસાર થવાની મંજૂરી આપી છેહ્ય હોર્મુઝ એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે જેના દ્વારા વિશ્વની ૨૦ ટકા તેલ નિકાસ પસાર થાય છે.


ઈરાનનું આ પગલું યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના નિવેદનને અનુસરે છે, જેમણે વૈશ્વિક કટોકટીને ધ્યાનમાં રાખીને હોર્મુઝ સ્ટ્રેટને તાત્કાલિક ફરીથી ખોલવા માટે ભારપૂર્વક વિનંતી કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં, ગુટેરેસે બંધના ગંભીર પરિણામો વિશે ચિંતા વ્યક્ત કરી હતી.

તેમણે લખ્યું હોર્મુઝ સ્ટ્રેટનું લાંબા સમય સુધી બંધ રહેવાથી તેલ, ગેસ અને ખાતરોની અવરજવર પર ગંભીર અસર પડી રહી છે, ખાસ કરીને વૈશ્વિક કૃષિ અને વાવણીની મોસમ દરમિયાન નિર્ણાયક સમયે. તેમણે જણાવ્યું હતું કે પ્રદેશ અને તેનાથી આગળના નાગરિકો, આ પરિસ્થિતિને કારણે ગંભીર નુકસાન સહન કરી રહ્યા છે અને ઊંડા અસુરક્ષામાં જીવવા માટે મજબૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર આ યુદ્ધના પરિણામોને ઘટાડવા માટે સતત કામ કરી રહ્યું છે. ગુટેરેસે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ ગંભીર પરિણામોને ઘટાડવાનો શ્રેષ્ઠ અને સ્પષ્ટ રસ્તો એ છે કે યુદ્ધનો તાત્કાલિક અંત લાવવો.

૨૫ માર્ચના રોજ, ન્યૂ યોર્કમાં ઈરાની મિશન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તે બિન-પ્રતિકૂળ જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપશે, પરંતુ કેટલીક શરતો ફરજિયાત રહેશે. ઉદાહરણ તરીકે, જહાજોએ કોઈપણ રીતે ઈરાન સામે આક્રમક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ નહીં અથવા તેમને ટેકો આપવો જોઈએ નહીં. તેઓએ સ્થાપિત સલામતી અને સુરક્ષા નિયમોનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ. ઈરાની સંરક્ષણ પરિષદે હવે કડક આદેશ આપ્યો છે કે આ વ્યૂહાત્મક માર્ગ પર પસાર થતા બિન-પ્રતિકૂળ જહાજોએ પણ પરિવહન પહેલાં સક્ષમ ઈરાની અધિકારીઓ સાથે સંકલન કરવું જોઈએ.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૯/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૮/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૫/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૬,૯૪૦ | ₹૨,૫૦,૦૦૦ |
| | +૨૨૦ | ૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૪.૧૬ | ₹૧૨૫.૮૩ |

## હોટલ-રેસ્ટોરામાં ગેસ ચાર્જ વસુલવો ગેરકાનુની

### ફરીયાદ થશે તો આકરી કાર્યવાહી કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં કોમર્શિયલ રાંધણગેસની અછતના કારણે હોટેલ રેસ્ટોરા વિ.ને મળતા પુરવઠામાં કાપ મુકયો છે અને તેથી રેસ્ટોરા હોટેલ સંચાલકો 'કાળા-બજાર'માંથી ઉંચી કિંમતે રાંધણગેસ ખરીદે તેમાં અનેક સ્થળે હવે બિલમાં ગેસ-ચાર્જ ઉમેરવાની જે પ્રવૃતિ શરૂ થઈ છે. તેના બિલ સોશ્યલ મીડીયામાં વાયરલ થતા જ કેન્દ્ર સરકારે તમામ હોટેલ-રેસ્ટોરા કે ગેસનો ઉપયોગ કરતા એકમોને તેમના બીલીંગમાં કોઈ ગેસચાર્જ કે તે રીતે વધારાનો ચાર્જ વસુલવા સામે આકરી કાર્યવાહીની ચેતવણી આપી છે. અનેક સ્થળોએ આ પ્રકારના બિલમાં મેનુ ભાવ ઉપરાંત ગેસ ચાર્જ જેવી વધારાની રકમ પણ ઉમેરાઈ હતી. જેમાં હદ તો ત્યાં થઈ કે લીંબુ પાણીમાં બેંગલુરુમાં એક કોલ્ડ ડ્રીન્ક આઉટલેટ પર લીંબુ પાણીના બે ગ્લાસના બીલમાં રૂા.૧૭.૦૧ ગેસ ક્રાઈસીસ ચાર્જ ઉમેરાયો તો ઈડલી, વડા વિ. વાનગીઓના બિલીંગમાં પણ આ પ્રકારે રૂા.૯થી રૂા.૩૦ સુધીની રકમ ઉમેરાઈ હતી. સરકારે સ્પષ્ટ કર્યુ છે કે, આ પ્રકારે ગેસ-ક્રાઈસીસ કે ગેસ ના નામે કોઈ વધારાના ચાર્જ વસુલી શકાતા નથી. ગ્રાહક સંરક્ષણ ધારા ૨૦૧૯માં રેસ્ટોરા તેના મેનુ ચાર્જ અને જીએસટી જ વસુલી શકે છે. સર્વિસ ચાર્જ વસુલતા પુર્વે પણ ગ્રાહકને જણાવવું જરૂરી છે અને તે સ્પષ્ટ દર્શાવવું જોઈએ કે અહી સર્વિસ ચાર્જ વસુલાય છે. ગેસ ચાર્જીસ જો કોઈ રેસ્ટોરા-હોટેલ વસુલ કરે તો તેની સામે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૪૦૦૦ પર ફરિયાદ દાખલ કરી શકાય છે.

## ૧ એપ્રીલથી પેઈનકીલર-એન્ટીબાયોટીકસ તથા ઈન્ફેકશન વિરોધી દવાઓ મોંઘી થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલતા યુધ્ધથી ભારત સહિત દુનિયાભરના અનેક દેશોને વિવિધ ક્ષેત્રોમાં માર પડ્યો છે. ભારતમાં વિવિધ ચીજો મોંઘી થઇ જ છે. હવે ૧લી એપ્રિલથી પેઇનક્લિર, એન્ટીબાયોટીક્સ તથા ઇન્ફેક્શન વિરોધી દવાઓના ભાવ પણ વધશે. જથ્થાબંધ ભાવાંકની ગણતરીએ કેન્દ્ર સરકારે આવશ્યકની શ્રેણીમાં આવતી દવાઓના ભાવમાં ૦.૬ ટકાનો વધારો કરવાની છૂટ આપી છે.



નેશનલ ફાર્માસ્યુટીકલ્સ પ્રાઈઝીંગ ઓથોરીટીએ જાહેર કર્યું છે કે, આર્થિક સલાહકાર, ઉદ્યોગ-વાણિજ્ય મંત્રાલય દ્વારા અપાયેલા આંકડાકીય આર્થિક રીપોર્ટના આધારે આવશ્યકની શ્રેણીમાં આવતી દવાઓમાં ૦.૬૪૯૫૬ ટકાનો વધારો મંજુર કરાયો છે. આવશ્યક શ્રેણી હેઠળની ૧૦૦૦થી વધુ દવાઓને લાગૂ પડશે. વર્ષમાં એક વખત આ આવશ્યક દવાઓના ભાવમાં ફેરફાર કરાય છે.

આવશ્યક દવાઓમાં પેરાસીટામોલ ઉપરાંત એન્ટી બાયોટીક, એન્ટી એનેમીયા વિટામીન, એન્ટી ઇન્ફેક્શન તથા પિનરલ્સ ડ્રગ્ઝનો સમાવેશ થાય છે. અમુક દવા કોવિડથી અસરગ્રસ્ત દર્દીઓ માટે પણ ઉપયોગમાં લેવાય છે. આ સિવાય સ્ટીરોઇડ પણ સામેલ છે.

દવા ઉદ્યોગના સૂત્રોએ કહ્યું કે ઇરાન યુધ્ધને કારણે સપ્લાય ચેઇન પ્રભાવિત થતાં દવાનો ઉત્પાદન ખર્ચ વધવા સમયે નફો કપાયો છે તેવા સમયે સરકારે આ સામાન્ય વધારો મંજુર કર્યો છે. અમુક ફોર્મ્યુલેશનમાં ભાવ ઘણા વધી ગયા છે. જ્યારે સામાન્ય ભાવવધારાથી ઉદ્યોગને કોઇ રાહત થાય તેમ નથી.

ફોર્મ્યુલેશનમાં ૩૦ થી ૩૫ ટકાનો વધારો થયો છે. ગ્લીસરીન ૬૪ ટકા પેરાસીટામોલ ૨૫ ટકા તથા સીપ્રો ફલોક્ષેસીન ૩૦ ટકા મોંઘા થયા છે. પેકેજીંગ સામગ્રીમાં પણ ૪૦ ટકાનો ભાવ વધારો છે.

ગ્લીસરીન, પ્રોપીલીન ગ્લાયકોલ તથા સોલવન્ટનો ઉપયોગ તમામ સીરપ, ઓરલ ડ્રોપમાં થાય છે. સરકારે વધુ ભાવવધારો મંજુર કરવાની જરૂર હતી. આ મામલે સરકારમાં રજુઆત કરવામાં આવશે.

## ઓઇલ સંકટ વચ્ચે દેશના કેટલાક શહેરોમાં નાયરા કંપની દ્વારા ઈંધણના ભાવમાં તોતિંગ વધારો

મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધે હવે ભારતના સામાન્ય માનવીના ખિસ્સા પર સીધો પ્રહાર કર્યો છે. દેશની સૌથી મોટી ખાનગી ફ્યુઅલ રિટેલર નયારા એનર્જીએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ધરખમ વધારો ઝીંક્યો છે. વૈશ્વિક સ્તરે એનર્જી સપ્લાય ચેઈન ખોરવાતા ભારતના અનેક શહેરોમાં ઈંધણના ભાવ હવે ૧૦૦ રૂપિયાની સપાટી વટાવી ગયા છે. નયારા એનર્જીના નિર્ણય બાદ કિંમતોમાં પેટ્રોલમાં પ્રતિ લિટર ૫.૩૦ રૂપિયાનો વધારો કર્યો છે જ્યારે ડીઝલમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો વધારો કર્યો છે. જેના પગલે અમદાવાદમાં હવે નાયરાના પેટ્રોલની આશરે કિંમત ૯૯.૬૫ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની કિંમત ૯૩.૦૭ રૂપિયા પ્રતિ લિટર રહેશે. ગુરુવારના આંકડા મુજબ દેશના મુખ્ય શહેરોમાં ઈંધણના નવા ભાવ હવે લાગુ થશે. હૈદરાબાદમાં પેટ્રોલ ૧૦૭.૪૬ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ ૯૫.૭૦ રૂપિયા થશે. મુંબઈ અને કોલકાતામાં પણ પેટ્રોલનો ભાવ ૧૦૦ ની ઉપર પહોંચી ગયો છે.

## દિલ્હી-મુંબઇ સહિત દેશના ૭૦થી વધુ એરપોર્ટ પરથી ૧૨ હજાર CISF જવાનોને હટાવાશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી-મુંબઇ સહિત દેશના ૭૦થી વધુ એરપોર્ટની સુરક્ષામાં લાગેલા સીઆઇએસએફના જવાનોને મોટી સંખ્યામાં હટાવી શકાય છે. બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (બીસીએએસ)એ આ એરપોર્ટનો સિક્યુરીટી રિવ્યુ કર્યો હતો. ત્યારબાદ ૫૦ હજાર જવાનોમાંથી લગભગ ૧૨ હજાર જવાનોને હટાવવાનું લિસ્ટ બનાવવામાં આવ્યું છે.

સુત્રોનું કહેવું છે કે, બીએસએએસે આ લિસ્ટ નાગર વિમાનનું મંત્રાલય અને સંબંધિત એજન્સીઓને પણ સોંપી દીધી છે. હવે તેની પણ ગહન ચર્ચા કરવામાં આવી રહી છે કે શું દેશ અને દુનિયામાં હાલના સંકટોને જોતા દેશના એરપોર્ટ્સ પરથી આટલી મોટી સંખ્યામાં સીઆઇએસએફજવાનોને હટાવવા યોગ્ય લેખાશે?

મંત્રાલય સાથે સંકળાયેલા સુત્રોનું એમ પણ કહેવું છે કે તેમાં સુરક્ષા સાથે કોઇ સમજૂતી નથી કરવામાં આવી રહી, બલ કે સર્વેમાં બધા એરપોર્ટના સંવેદનશીલ, અતિ સંવેદનશીલ અને એવા પોઇન્ટ્સની ઓળખ કરવામાં આવી, જ્યાં ખતરો નહીં ના બરાબર છે અને આવા પોઇન્ટ્સ પર પ્રાઇવેટ સિક્યોરિટી ગાર્ડ રાખીને પણ કામ ચલાવી શકાય છે.

સૌથી વધુ જવાન દિલ્હી, મુંબઇ, બેંગ્લુરુ, હૈદ્રાબાદ અને ચેન્નાઇ જેવા મોટા એરપોર્ટ પર તૈનાત છે. અહીં ઘણા પોઇન્ટ પર તેમની આટલી મોટી સંખ્યામાં જરૂરિયાત નથી.

સ્ટડી પણ આ બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો કે જ્યાં સીઆઇએસએફના ટ્રેઇન્ડ જવાનની જરૂર નથી, ત્યાં ટ્રેઇન્ડ જવાન શા માટે મુકવામાં આવે? તેમની જગ્યાએ ખાનગી સુરક્ષા કર્મીઓને લગાવીને કામ ચલાવી શકા છે, આથી ખર્ચ પણ ઘટશે અને લોકોને પણ કોઇ અસુવિધા નહીં રહે, જો કે જ્યાં જરૂરી હશે ત્યાં સીઆઇએસએફ નહીં હટે.

## ગરીબો માટેનું ૩.૪૭ લાખ મેટ્રિક ટન અનાજ બારોબાર પગ કરી ગયું : કેગની તપાસમાં થયો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના લાખો પરિવારોને વાજબી ભાવનીદુકાનોએથી અપાતા ખાદ્યાન્ન પુરવઠામાંથી બારોબાર અનાજની ચોરી થતી હોવાની વ્યાપક ફરિયાદોને ક્યાંક સમર્થન મળે તેવી ચોકાવનારી હકીકતો કોન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના ૨૦૨૩ના અનુપાલન ઓડિટ-મૂલ્કી રિપોર્ટમાં રજૂ થઇ છે. ગરીબો માટે ગોડાઉનમાંથી દુકાનો સુધી પહોંચતા અનાજનો ૩.૪૭ લાખ મેટ્રિક ટન જેટલો જંગી જથ્થાનો ક્યાંય કોઈ તાળો મળતો ન હોવાનું કેગની તપાસમાં બહાર આવ્યું છે. આ મુદ્દે નાગરિક પુરવઠા વિભાગના સચિવને પુછ્વામાં આવ્યું તેમણે કોઈ પ્રતિભાવ આપ્યો નહતો. ઉલટાનું સ્વીકાર્યું હતું કે, પીડીએસમાં સંગ્રહ અને પરિવહનના નુકસાનનો હિસાબ નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ, ૨૦૧૩ રાખતું નથી.

વર્ષ ૨૦૧૫થી ૨૦૨૩ એમ આઠ વર્ષ દરમિયાન ખાદ્યાન્નની ફાળવણી, પુરવઠો અને વિતરણની વિસ્તૃત વિગતો સાથે કેગે તેના રિપોર્ટમાં નોંધ્યું છે કે, આ સમયગાળા દરમિયાન ૨૧૩.૬૨ લાખ મેટ્રિક ટન ખાદ્યાન્ન તાલુકા ગોડાઉનમાંથી વાજબી ભાવની દુકાનો પર જમા કરાવવામાં આવ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન દુકાનો દ્વારા લાભાર્થીઓને ૨૧૦,૦૪ લાખ મેટ્રિક ટન જથ્થો વિતરિત કરવામાં આવ્યો હતો. જેમાં માર્ચ, ૨૦૨૩ના અંતે ૩.૫૮ લાખ મેટ્રિક ટનનો જથ્થો બાકી રહી ગયો હતો. પરંતુ વિભાગના માસિક વિતરણ અહેવાલની સમીક્ષા દરમિયાન જણવા મળ્યું કે, માર્ચ ૨૦૨૩ અંતે બાકી સ્ટોક ૦.૧૧ લાખ મેટ્રિક ટન હતો. પરિણામે ૦.૧૧ લાખ મેટ્રિક ટન બંધ સ્ટોકનો હિસાબ કર્યા પછી, ચોખ્ખો તફાવત ૩.૪૭ લાખ મેટ્રિક ટન હતો. જેન તે લાભાર્થીઓને વહેંચવામાં આવ્યા ગ તો પર તેનો હિસાબ લેવામાં આવ્યો હતો. આમ, વાસ્તવિક રીતે જોઇએ તો લાભાર્થીઓને ૨૧૦,૦૪ લાખ મેટ્રિક ટન જથ્થો જ વિતરણ કરાવો. જ્યારે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને વપરાશ પ્રમાણપત્રોમાં દર્શાવવામાં આવેલો જથ્થો ૨૧૨.૯૧ લાખ મેટ્રિક ટન વચ્ચે ૨.૮૭ લાખ મેટ્રિક ટનનો તફાવત દર્શાવે છે. જે અહેવાલની પ્રક્રિયાની ચોક્સાઈ અને વિશ્વસનીયતા પર ચિંતા દર્શાવે છે.

## હોર્મુઝમાં નાકાબંધી થતા હવે ફકત ૮ જ જહાજ પસાર થાશે

**મુખ્ય સમાચાર, તહેરાન**

મધ્યપુર્વનો જંગ હવે માત્ર બે દેશોની લડાઈ પુરતો સીમીત નથી થઈ ગયો, બલકે તેણે પુરી દુનિયાની આર્થિક નસોને દબાવવાનું શરૂ કરી દીધું છે. નવા રિપોર્ટમાં ચેતવણી અપાઈ છે કે જો હોર્મુજ લાંબા સમય સુધી બંધ રહ્યું તો દુનિયાના ૧૦૦ લાખ કરોડ રૂપિયા પર પાણી ફરી શકે છે.




ઉર્જાની વધતી કિંમતો, ઝડપી સપ્લાયમાં વિઘ્નથી આવનારા દિવસોમાં વૈશ્વિક સ્તરે નવી સમસ્યાઓ પેદા થઈ શકે છે. રિપોર્ટમાં જણાવાયુ છે કે આ વ્યાપારની અસર ઓઈલ, ગેસ, ખાતર અને મેન્યુફેકચરીંગ ક્ષેત્રો પર પડી શકે છે.

પહેલા હોર્મુજથી ૧૩૮ જહાજ પસાર થતા હતા, હવે માત્ર આઠઃ ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થવાના અને અલી ખામેનેઈની હત્યા બાદ ઈરાને આ રસ્તા પર પોતાનું નિયંત્રણ જાહેર કરી દીધુ હતું. જયાં યુદ્ધ પહેલા આ રસ્તેથી સરેરાશ રોજના ૧૩૮ જહાજ પસાર થતા હતા, તે સંખ્યા હવે ઘટીને માત્ર ૮ થઈ ગઈ છે. અમેરિકા અને ઈઝરાયેલી હુમલાના જવાબમાં ઈરાને અહીં નાકાબંધી કરીને સેંકડો જહાજોને ખાડીની અંદર જ ફસાવી દીધા છે.

તેલ સપ્લાયના ૨૦ ટકા અહીંથી પસાર થાય છેઃ ઈરાન-ઓમાન વચ્ચે આવેલ હોર્મુજનો આ સાંકડો સમુદ્ર રસ્તો દુનિયાની ઉર્જાની ધમની કહેવામાં આવે છે. દરરોજ અહીંથી લગભગ ૨૦ મિલિયન બેરલ તેલ આ રસ્તાથી પસાર થાય છે. આ તેલ દુનિયાની કુલ સપ્લાયનો લગભગ પાંચમો ભાગ છે.

આ જલમાર્ગ રોજના લગભગ ૧.૯૩ મિલિયન બેરલ તરલીકૃત ગેસ (એલએનજી) પણ પરિવહન કરે છે. આ રસ્તાનો સૌથી મોટો પડકાર એ છે કે ખાડી દેશો પાસે પોતાનો ગેસ અને તેલ બહાર મોકલવા માટે આના સિવાય બીજો કોઈ સમુદ્રી વિકલ્પ મોજૂદ નથી. કુલ મળીને દર વર્ષે લગભગ ૪૭ હજાર કરોડ પાઉન્ડનો ઉર્જા વ્યાપાર આ રસ્તાથી થાય છે.

## મીડલ ઈસ્ટમાં શાંતિની ચર્ચા વચ્ચે ભીષણ યુદ્ધની શકયતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ગંભીર તબક્કે પહોંચ્યો છે. ઈરાનની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાકેર ગાલિબાફે એક ચોંકાવનારો દાવો કર્યો છે કે, કેટલાક 'દુશ્મન' દેશો પડોશી દેશના સાથ-સહકારથી ઈરાનના એક ટાપુ પર કબજો જમાવવાની યોજના બનાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કડક ચેતવણી આપતા તેમણે જણાવ્યું છે કે, જો દુશ્મન દેશો આ દિશામાં એક પણ ડગલું આગળ વધશે, તો ઈરાન વળતો પ્રહાર કરવામાં જરા પણ ખચકાશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું છે કે આવી સ્થિતિમાં તે મદદગાર દેશની તમામ મહત્ત્વની માળખાગત સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ઈરાનના સીધા અને સતત હુમલાના નિશાના પર આવી જશે.



ગાલિબાફે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ઈરાન આ ક્ષેત્રમાં અમેરિકાની તમામ ગતિવિધિઓ અને સૈનિકોની તૈનાતી પર નજીકથી નજર રાખી રહ્યું છે. તેમણે અમેરિકન સૈનિકોને ચેતવણી આપી છે કે જે નુકસાન જનરલોએ કર્યું છે તેને સામાન્ય સૈનિકો ઠીક કરી શકશે નહીં, ઉલટાનું તેઓ ઈઝરાયલના પીએમ નેતન્યાહૂના ભ્રમનો શિકાર બનશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કોઈએ ઈરાનની ભૂમિની રક્ષા કરવાના સંકલ્પને પરખવાની કોશિશ કરવી જોઈએ નહીં. આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે પેન્ટાગોન તેની પ્રતિષ્ઠિત ૮૨મી એરબોર્ન ડિવિઝનના હજારો સૈનિકોને મધ્ય પૂર્વ મોકલવાની તૈયારી કરી રહ્યું છે.

બીજી તરફ, અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને વૈશ્વિક ઓઇલ પુરવઠાને સ્થિર રાખવાના બહાને ઈરાન વિરુદ્ધ સૈન્ય અભિયાન તેજ કર્યું છે. વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું કે અમેરિકન દળો ઈરાનની એ ક્ષમતાઓને નિશાન બનાવી રહ્યા છે જે વ્યૂહાત્મક જળમાર્ગો માટે ખતરો બની શકે છે. આ અભિયાનના ભાગરૂપે અમેરિકન દળોએ દરિયાકાંઠાના વિસ્તારોમાં ઈરાની સૈન્ય માળખા પર હુમલા પણ કર્યા છે. અમેરિકાનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્ત્વના ઊર્જા માર્ગોની રક્ષા કરવાનો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ રેન્જના નવનિયુક્ત આઈ.જી. નિર્લિપ્ત રાયે જામનગર જિલ્લા પોલીસ વડા કચેરીની મુલાકાત લીધી





**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટ રેન્જના નવનિયુક્ત આઈ.જી. નિર્લિપ્ત રાયે જામનગર જિલ્લા પોલીસ વડા કચેરીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી ગુનાઓની કામગીરીની સમીક્ષા કરી હતી. એસ.પી. રવિ મોહન સૈની, એ.એસ.પી. પ્રતિભા અને ડી.વાય.એસ.પી. જયવીરસિંહ ઝાલા સહિતના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું.આઈ.જી. નિર્લિપ્ત રાયની અધ્યક્ષતામાં જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, તેમણે વિવિધ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠક યોજી હતી.આ બેઠકમાં હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ, શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો અને વિવિધ જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ શહેરમાં ભાઈચારો જળવાઈ રહે અને કોઈપણ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિને સ્થાન ન મળે તે સુનિશ્ચિત કરવાનો હતો.આઈ.જી. નિર્લિપ્ત રાયના આગમનથી શહેરના અસામાજિક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારાઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા શહેરના અનેક શંકાસ્પદ વ્યક્તિઓ અને અસામાજિક તત્વોને એસ.પી. કચેરી ખાતે બોલાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહીથી ગેરકાયદેસર ધંધા ચલાવનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# રાજ્ય કક્ષાના હોમગાર્ડ્ઝ રમત મહોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ મોરબી જીલ્લા કમાન્ડન્ટ સન્માનિત

### ગાંધીનગર ખાતે મંત્રી કમલેશભાઈ પટેલ હસ્તે વિશેષ એવોર્ડ અને સન્માન પત્ર એનાયત કરાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગાંધીનગર ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકુલમાં હોમગાર્ડ્ઝ અને સિવિલ ડિફેન્સ વિભાગ દ્વારા આયોજિત રાજ્ય કક્ષાના રમતોત્સવ-૨૦૨૬ માં મોરબી જીલ્લાએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ રમતગમત મહોત્સવમાં મોરબી જીલ્લા હોમગાર્ડ્ઝ કમાન્ડન્ટ દીપ ભૂપેન્દ્રભાઈ પટેલે શૂટિંગ ક્ષેત્રે મેળવેલી વિશિષ્ટ સિદ્ધિ બદલ તેમને રાજ્ય કક્ષાએ સન્માનિત કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યના ચાર ઝોનના હોમગાર્ડ્ઝ જવાનો માટે યોજાયેલા આ દ્વિ-દિવસીય રમત મહોત્સવમાં ૧૦૦ થી ૪૦૦ મીટર દોડ, રસાખેંચ અને વોલીબોલ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર ઝોન વતી ભાગ લેતા મોરબીના કમાન્ડન્ટ દીપ પટેલે રાષ્ટ્રીય કક્ષાના ખ્યાતનામ શૂટર તરીકે પિસ્તોલ શૂટિંગમાં (સેન્ટર ફાયર અને સ્ટાન્ડર્ડ પિસ્તોલ) પોતાનું કૌશલ્ય દાખવ્યું હતું. તેમની આ રમતગમતની પ્રતિભાને બિરદાવતા રાજ્યના નાણા, ગૃહ અને આબકારી મંત્રી કમલેશભાઈ પટેલ તથા ગુજરાત રાજ્ય હોમગાર્ડ્ઝના વડા ડાયરેક્ટર જનરલ ડો.સમશેરસિંઘ.ના વરદ હસ્તે તેમને વિશેષ એવોર્ડ અને પ્રશસ્તિપત્ર આપી નવાજવામાં આવ્યા હતા.

આ ગૌરવવંતા અવસરે ધારા-સભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય કક્ષાએ હોમગાર્ડ્ઝ દળનું નામ રોશન કરવા બદલ રાજ્યના ડાયરેક્ટર જનરલે તેમને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

# મોહનનગરમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : બે શખ્સની કરાઈ અટક



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મોહનનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં બે સપ્તાહ પૂર્વે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. એલસીબીએ બે શખ્સને સોનાની ત્રણ વીટી, બે બંગડી, બે મોબાઈલ, રૂ.૧૩ હજાર રોકડા સાથે દબોચી લઈ અટકાયત કરી છે. એક આરોપી સામે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ૨૩ ગુન્હા નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે.જામનગરના ગુલાબનગર વિસ્તારમાં આવેલા મોહનનગરમાં રહેતા વર્ષાબેન લુક્કા નામના મહિલાના થોડા દિવસ પહેલાં ચોરી થઈ હતી. તે મકાનમાંથી સોનાના દાગીના, રોકડ રકમ તથા મોબાઈલ મળી કુલ રૂ.૧,૧૦,૦૦૦ની મત્તા ચોરાઈ ગઈ હતી. જેની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.ઉપરોક્ત ચોરીની તપાસ માટે એલસીબીનો સ્ટાફ પીઆઈ વી.એમ. લગારીયાની સૂચનાથી જુદી જુદી ટીમમાં વેચાઈને તપાસમાં જોતરાયો હતો. તે દરમિયાન સ્ટાફના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ, મયુરસિંહને બાતમી મળી હતી કે, આ ચોરીમાં સંડોવાયેલા બે શખ્સ ચાંદી બજાર વિસ્તારમાં આવ્યા છે.તે બાતમીના આધારે ચાંદી બજારમાંથી એલસીબીએ મૂળ રાજકોટના વીંછીયા તાલુકાના મોટી લાખાવડ ગામના વતની પ્રદીપ કાળુભાઈ પઢારીયા ઉર્ફે પદીયા તથા મૂળ મોરબી જિલ્લાના અને હાલમાં રાજકોટમાં સોલવન્ટ કોઠારીયા પાસે રહેતા જગદીશ ગુણવંતભાઈ નિમાવત ઉર્ફે જગાની અટકાયત કરી હત. આ શખ્સોની તલાશી લેવાતા સોનાની ત્રણ વીટી, બે બંગડી, રૂ.૧૩ હજાર રોકડા, બે મોબાઈલ મળી કુલ રૂા.૨,૬૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી લેવાયો છે. આ શખ્સમાંથી પ્રદીપ પઢારીયા સામે રાજકોટ, ચોટીલા, જૂનાગઢ, સુરત પોલીસ સ્ટેશનમાં ૨૩ ગુન્હા નોંધાયેલા છે અને જગા સામે રાજકોટમાં એક ગુન્હો નોંધાયેલો છે.

# મોરબીમાં ઘરવિહોણા માટે યુસીડી શાખાની નાઈટ ડ્રાઈવ, 30 લોકોને આશ્રયગૃહમાં સ્થળાંતર કરાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની યુસીડી શાખા દ્વારા વધુ એક નાઈટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફૂટપાથ પર રહેતા 30 જેટલા ઘરવિહોણા લોકોને સમજાવી આશ્રયગૃહમાં પહોંચાડવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકાની યુસીડી શાખા દ્વારા રાત્રિના સમયે નાઈટ ડ્રાઈવ યોજી શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટપાથ પર રહેતા ઘરવિહોણા લોકોને શોધી તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ હતું. તેમને મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહમાં રહેવા માટે પ્રેરિત કરી કુલ 30 લોકોને તેમના પરિવાર સાથે ત્યાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા. આ આશ્રયગૃહમાં નિઃશુલ્ક રહેવા, જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સાથે મહાનગરપાલિકાએ વધુને વધુ જરૂરિયાતમંદ લોકોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# વિશ્વ ટીબી દિવસ નિમિત્તે મુસ્કાન વેલ્ફેર સોસાયટીની અનોખી પહેલ, ૫ દર્દીઓને દત્તક લીધા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વિશ્વ ટીબી દિવસ નિમિત્તે મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા સતત ચોથા વર્ષે ૫ ટીબી દર્દીઓને દત્તક લઈ પૌષ્ટિક આહાર કિટ આપવાની સેવા હાથ ધરાઈ. દર્દીઓના આરોગ્ય સુધારવા આ પહેલ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મોરબીમાં તા.૨૪ માર્ચના રોજ વિશ્વ ટીબી દિવસ નિમિત્તે મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા સેવાકીય કાર્ય હાથ ધરાયું હતું. અગાઉ ૨૪ માર્ચ ૧૮૮૨ના રોજ વૈજ્ઞાનિક રોબર્ટ કોચ દ્વારા ટીબીના બેક્ટેરિયાની શોધ થયાની યાદમાં આ દિવસ ઉજવાય છે, અને આ વર્ષે તેની ૧૪૪મી વર્ષગાંઠ નિમિત્તે સંસ્થાએ સતત ચોથા વર્ષે ૫ ટીબી દર્દીઓને એક વર્ષ માટે દત્તક લીધા છે. આ દર્દીઓને પૌષ્ટિક આહાર કિટ આપવામાં આવી છે, જેથી તેઓ ઝડપથી સ્વસ્થ થઈ શકે. આ પહેલનો મુખ્ય હેતુ ટીબી જેવી ગંભીર બીમારી સામે લડી રહેલા દર્દીઓને પોષણ અને સહાય પૂરી પાડી તેમની સારવારમાં મદદરૂપ થવાનો છે. આ કાર્યક્રમમાં ટીબી હોસ્પિટલના ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ કોઓર્ડિનેટર પિયુષભાઈ જોશીનો સહકાર નોંધપાત્ર રહ્યો હતો. મોરબી જીલ્લામાં અંદાજે ૮૫૦ જેટલા ટીબીના દર્દીઓ હોવાનું અનુમાન છે, જે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

મુસ્કાન વેલ્ફેર સોસાયટીએ વધુ લોકોને આ સેવાકીય કાર્યમાં જોડાવા આમંત્રણ આપ્યું છે અને દર્દીઓ વહેલી તકે સ્વસ્થ થઈ સામાન્ય જીવન તરફ પરત ફરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી છે.

# ઉનાના ગાંગડા નજીકની હોટલમાં ખાણખનીજ વિભાગના કર્મચારીઓ પર હુમલો થયાનો વિડીયો વાયરલ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના ગાંગડા ગામ નજીક ભગીરથ હોટલ હોટલમાં ચા નાસ્તો કરવા ગયેલા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ પર હુમલો થતાં તેના સમાચાર વાયુવેગે વહેતા થતા તેનો વિડીયો સોશિયલમીડિયામાં વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ તાલુકાના ગામડા નજીક આવેલ ભગીરથ હોટલમાં ખાણ ખનીજ વિભાગના કે અન્ય કર્મચારીઓ સવારનો ચા નાસ્તો કરવા બેસ્યા હતા ત્યાં અચાનક તે ટેબલો ઉપર હુમલાઓની ઘટના સામે આવતા તેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જેને લઈને લોકોમાં પણ પ્રશ્ન ઊઠવા પામ્યા કે આ ખાણ ખનીજ વિભાગની ટીમ ક્યાની હતી માથાકૂટ કરવાનું કારણ શું હતું તેવા અનેક પ્રશ્નો લોકોમાં ઉટીયા છે પણ આ ખાણ ખનીજ વિભાગની ટીમ કે અન્ય અન્ય સરકારી કર્મચારીઓ હતા કે પછી બીજું કોઈ પણ આ ઘટના બનતા તેના વિડીયો અને ફોટોગ્રાફ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે આ માથાકૂટ નું કારણ શું કે કોઈ અન્ય વહીવટ કરવા આવ્યા હતા તે પણ પ્રશ્ન લોકોમાં ઊઠ્યા છે પણ માથાકૂટનું કારણ હજીરાજ અકબંધ છે

# જામનગર જિલ્લાના ટુ વ્હીલર, ફોર વ્હીલર, ટ્રાન્સપોર્ટ કેટેગરીના વાહન માલિકો જૂની સીરીઝના ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાની મોટરીંગ પબ્લીકના વાહન માલિકો ટુ વ્હીલર, ફોર વ્હીલર, ટ્રાન્સપોર્ટ તેમજ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ પ્રકારના વાહનો માટેની જૂની સીરીઝમાં બાકી રહેલા સિલ્વર-ગોલ્ડન નંબર માટેની ઈ-ઓકશનની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો ૦૧/૦૪/૨૦૨૬ થી ૦૪/૦૪/૨૦૨૬ બપોરે ૪.૦૦ કલાક સુધી, ઈ-ઓકશનનો બિડિંગ કરવાનો સમયગાળો ૦૪/૦૪/૨૦૨૬ થી ૦૬/૦૪/૨૦૨૬ બપોરે ૪.૦૦ કલાક સુધી તથા ઇ-ઓકશન નું પરિણામ ૦૬/૦૪/૨૦૨૬ બપોરે ૪.૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.વાહન માલિકોએ સૌ પ્રથમ WWW.PARIVAHAN.GOV.IN વેબસાઈટ પર જઈને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનું રેહશે. ત્યાર-બાદ લોગીન કરીને વાહન ખરીદીના દિવસ-૭ ની અંદર ઓનલાઈન C N A ફોર્મ ભરવાનું રેહશે.વાહન માલિકે ગોલ્ડન અને સિલ્વર અને અન્ય પસંદગીના નંબર પરથી કોઈ એક નંબર પસંદ કરીને ઓનલાઈન પેમેન્ટ પ્રકિયા પૂણ કરીને ઓનલાઈન રસીદ મેળવી લેવાની રેહશે.વાહન માલિક પોતાની બીડ ઉપરોકત દર્શાવેલ સમય ગાળા દરમિયાન ૧૦૦૦ના ગૂણાક માં વધારી શકશે.ઇ-ઓકશનના અંતે નિષ્ફળ થયેલ અરજદારોએ રિફંડ માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી જામનગરનો સંપર્ક કરવાનો રેહશે.

પસંદગીનાં લાગેલ નંબરવાળા અરજદારોએ બાકી રકમનું ચુકવણું ઓનલાઈન દિવસ-૫.પાંચમાં કરવાનું રહેશે. જેમાં નિષ્ફળ ગયે પસંદગીનાં નંબરની ફી નું રિફંડ મળશે નહિ.ઓકશનમાં ભાગ લેનાર વાહન માલિકનાં તમામ દસ્તાવેજો ડીલર કક્ષાએ ખરાઈ કરી અપલોડ કરેલાં હોવા જોઈશે. તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં રખડતા કુતરાઓના નિયંત્રણ માટે ડોગ સેલ્ટર બનાવાશે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રખડતા કુતરાઓની વધતી સંખ્યાને નિયંત્રણમાં લેવા આધુનિક ડોગ સેલ્ટર બનાવવાનું આયોજન કરાયું છે. સાથે સાથે પેટ ડોગ માલિકોને રજિસ્ટ્રેશન કરાવવા અપીલ કરાઈ છે.

મોરબી મહાનગરપાલિકાના એએનસીડી વિભાગ દ્વારા શહેરમાં રખડતા કુતરાઓની સમસ્યા ઉકેલવા ડોગ સેલ્ટર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેલ્ટરમાં આધુનિક સુવિધાઓ સાથે કુતરાઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે તેમજ વેક્સિનેશન અને સ્ટેરિલાઈઝેશન જેવી કામગીરી હાથ ધરાશે. સાથે સાથે મહાનગરપાલિકાએ માહિતી આપી છે કે હાલમાં શહેરમાં કુલ ૩૫ પેટ ડોગનું રજીસ્ટ્રેશન થયેલ છે. સાથે જ પાલિકાએ પેટ ડોગના માલિકોને પોતાના પાળતુ કુતરાઓનું રજીસ્ટ્રેશન કરાવવા અપીલ પણ કરી છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોરબીમાં ૪૯૦ આવાસોને મંજુરી, બાંધકામ કામગીરી પ્રગતિમાં



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦(શહેરી) હેઠળ બીએલસી ઘટક અંતર્ગત ૪૯૦ આવાસોને મંજુરી આપવામાં આવી છે. તેમાંના અનેક આવાસોના બાંધકામ કામો હાલમાં વિવિધ તબક્કામાં પ્રગતિમાં છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦(શહેરી) હેઠળ બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન ઘટક હેઠળ કુલ ૪૯૦ આવાસોના ડીપીઆરને મંજુરી આપવામાં આવી છે. આ યોજના અંતર્ગત નેશનલ બિલ્ડિંગ કોડ મુજબ 30 થી ૪૫ ચો.મી. કાર્પેટ વિસ્તારમાં ઓછામાં ઓછા બે રૂમ, રસોડું તથા શૌચાલય-બાથરૂમ જેવી મૂળભૂત સુવિધાઓ સાથે પાકા મકાનનું બાંધકામ કરવામાં આવશે.

યોજનાના લાભાર્થીઓ સાથે ત્રિપક્ષીય કરારની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. હાલ ૭૭ આવાસોના કામો પ્લીન્થ લેવલ ઉપર, ૨૮ આવાસ લીન્ટલ લેવલ ઉપર અને ૨ આવાસ સ્લેબ લેવલ ઉપર બાંધકામની કામગીરી હેઠળ છે, જે લાભાર્થીઓની આગેવાનીમાં આગળ વધી રહી છે. આ ઉપરાંત, યોજના મુજબ દરેક આવાસ માટે સરકાર દ્વારા કુલ રૂ.૪ લાખની સહાય ચાર તબક્કામાં આપવામાં આવશે, જેનાથી આર્થિક રીતે નબળા વર્ગોને પોતાનું ઘર બનાવવામાં સહાય મળશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં બે આરોપીઓને ૨૦ વર્ષની જેલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની પોકસો અદાલતે સગીરા સાથેના દુષ્કર્મના કેસમાં બે આરોપી તોસીફહુશેન સુલેમાનભાઈ લાખા તથા સમીર હુશેન હનીફભાઈ ગજીયાને પોકસો સહિતની કલમ અન્વયે ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦ નો દંડ તથા ભોગબનનારને વળતર પેટે રૂ.૪,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કર્યો છે.આ કેસના આરોપી તોસીફહુશેન સુલેમાનભાઈ લાખાએ તા.૨૭/૦૬/૨૦૨૧ થી તા.૦૧/૦૪/૨૦૨૨ દરમ્યાન ફરીયાદીની સગીર વયની દીકરી (ઉંમર ૧૩ વર્ષ, ૬ માસ) સાથે તેણીની સંમતિ વગર તેની મરજી વિરુધ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ ગુજારી ભોગબનનારનું શારીરિક શોષણ તેમજ દુષ્કર્મ આચરેલ તેમજ અન્ય આરોપી સમીરહુશેન હનીફભાઈ ગજીયાએ આ કૃત્યનો વિડીયો પોતાની પાસે હોવાનું ભોગ બનનારને જણાવી વિડીયો બધાને બતાવી દેવાની ધમકી આપી, સગીરા સાથે બળજબરીથી અવાર-નવાર શરીર સંબંધ બાંધેલ તેમજ શારીરિક શોષણના કારણે બાળા ગર્ભવતી થઈ હતી. તે અંગેની ફરીયાદએ પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ નોંધાવામાં આવી હતી.જે ફરીયાદ મુજબ તપાસ કરનાર અધિકારી દ્વારા ગુનાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પોકસો સહિતની કલમ મુજબનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી. જે કેસ જામનગરની પોકસો અદાલતમાં ચાલી જતા ભોગબનનાર, ફરીયાદી તથા મેડીકલ ઓફીસર વિગેરે ૧૦ જેટલા સાહેદોની જુબાની તથા સરકાર પક્ષે રજૂ કરવામાં આવેલ ૪૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ તેમજ જીલ્લા સરકારી વકીલે અદાલત સમક્ષ કરેલ ધારદાર દલીલ જણાવેલ કે, આરોપીઓ સામે સગીર વયની બાળા ભોગબનનારને ધમકી આપી તેની સાથે દુષ્કર્મ કરવા અંગેનો ગુનો છે. તેમજ ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો નિશંકપણે.પુરવાર કરેલ છે. તેમજ સમાજમાં દિન પ્રતિદીન આ પ્રકારનાં ગુનાઓનું પ્રમાણ વધી રહેલ છે અને બાળાઓ ભોગબનનાર ઉપર વિપરીત અસર પડે છે જેથી સમાજમાં દાખલો બેસે તેથી આરોપીઓને મહતમ સખત કેદની સજા તથા દંડનો હુકમ ફરમાવા રજૂઆત કરેલ હતી.જે મુજબ જામનગરની સ્પે.પોકસો અદાલતનાં ન્યાયાધીશ આર.પી.મોગેરાએ ઉપરોકત હકીકતો તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીઓને પોકસો તથા ભારતીય દંડ સંહીતાની અલગ અલગ કલમો હેઠળ તકસીરવાન ઠરાવી બન્ને આરોપીઓને ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦ નો દંડ અને જો આરોપીઓ દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે. તથા ભોગબનનાર બાળાને વળતર પેટે રૂ.૪,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કરેલ છે.

# મોરબી મનપાના વોર્ડ ૧૧ અને ૧૩માં મતદારોની અસમાનતા મુદ્દે કોંગ્રેસની ચૂંટણી પંચને રજુઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા ચૂંટણી આયોગને લેખિત રજૂઆત કરી વોર્ડ નં. ૧૧ અને ૧૩માં મતદારોની સંખ્યામાં તફાવત દૂર કરવા માંગ કરી છે. આ સાથે જ સુધારેલી મતદાર યાદી રાજકીય પક્ષોને ન મળ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

મોરબી મહાનગરપાલિકાની આવનારી પ્રથમ ચૂંટણી પૂર્વે મતદાર યાદી અને વોર્ડવાર મતદારોની સંખ્યાને લઈને વિવાદ ઉભો થયો છે. મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ ગુજરાત રાજ્યના ચૂંટણી આયોગને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે તા.૨૩ માર્ચ ૨૦૨૬ના રોજ સુધારેલી મતદાર યાદી જાહેર થઈ હોવા છતાં રાજકીય પક્ષોને તેની નકલ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. વધુમાં જણાવાયું છે કે મોરબી મહાનગરપાલિકાના વોર્ડોની રચના વર્ષ ૨૦૧૧ની વસ્તી આધારિત કરવામાં આવી છે, જેના કારણે હાલના મતદારોની સંખ્યામાં અસમાનતા જોવા મળે છે. કુલ અંદાજે ૨,૦૭,૦૦૦ મતદારોના આધારે એક વોર્ડમાં સરેરાશ ૧૬,૦૦૦ મતદારો હોવા જોઈએ, જ્યારે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ૨૦% સુધીનો ફેરફાર સ્વીકાર્ય છે.

પરંતુ વોર્ડ નં.૧૧માં આશરે ૨૪,૪૭૧ મતદારો છે, જે મર્યાદા કરતાં વધારે છે, જ્યારે વોર્ડ નં.૧૩માં માત્ર ૧૫,૨૩૬ મતદારો છે. તેથી વોર્ડ નં.૧૧ના બુથ નં. ૧૯/૨૫, ૨૦/૨૫, ૨૧/૨૫ અને ૨૨/૨૫ને વોર્ડ નં.૧૩માં સમાવિષ્ટ કરવામાં આવે તો બંને વોર્ડમાં સંતુલન જળવાઈ શકે તેમ કોંગ્રેસે રજૂઆતમાં જણાવ્યું છે. ઉપરોક્ત મામલે ચૂંટણી આયોગને તાત્કાલિક કાર્યવાહી કરી યોગ્ય સુધારો કરવા કોંગ્રેસ દ્વારા નમ્ર વિનંતી કરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના ખેડૂતો ખેતીવાડી વિભાગની સહાય યોજનાઓનો લાભ લેવા આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર.ખેતીવાડી વિભાગની વિવિધ સહાય યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ ખેત ઓજાર સાધનો (કમ્બાઈન હાર્વેસ્ટર, કલ્ટીવેટર, રોટાવેટર, લેસર લેન્ડ લેવલર, સબસોઈલર, પોટેટો પ્લાન્ટર, ગ્રાઉન્ડનટ ડીગર, હેરો (તમામ પ્રકાર), પ્લાઉ (તમામ પ્રકાર), પાવર ટીલર, તારની વાડ, સોલાર પાવર યુનિટ, પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન), માલ વાહક વાહન, પમ્પ સેટ્સ, પાક સંરક્ષણ સાધનો અને સમાર્ટફોન ખરીદી પર સહાય વગેરે જેવા ૪૨ ઘટકો માટે આઇ ખેડુત પોર્ટલ તા.૨૭/૦૩/૨૦૨૬ થી તા. ૨૬/૦૪/૨૦૨૬ સુધી ખેડુતો માટે ઓનલાઇન અરજીઓ કરવા ખુલ્લું મૂકવામાં આવશે.ચાલુ વર્ષે આઈ.ખેડૂત પોર્ટલ પર નોંધણી થયેલા ખેડૂતો અને નોંધણી બાકી હોય તેવા તમામ ખેડૂતોએ ઓનલાઈન પોર્ટલ પર આધાર ઓથેન્ટિકેશન માટે આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર મારફત OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા કરી શકાશે.વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા આધાર ઓથેન્ટિકેશન કર્યા બાદ ઘટક માટેની જરૂરી વિગતો ભરી અરજી કરવાની રહેશે.ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા માંગતા હોય તેવા જામનગર જિલ્લાના ખેડૂતોએ આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર પર મળેલ OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા નોંધણી.અરજી કરવા તમામ ખેડૂતોને મદદનીશ ખેતી નિયામક પેટા વિભાગ જામનગરની યાદીમાં જણાવવામા આવ્યું છે.

# મોરબી એસપી રોડના નાકે રેઢા પડેલ એકટીવા મોપેડમાંથી ૩ ચપલા ઝડપાયા

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શહેરના આલાપ રોડથી એસપી રોડના નાકા નજીક એક શંકાસ્પદ હાલતમાં બિનવારસી એકટીવા રજી.નં. જીજે-૩૬-એકે-૯૫૪૨ ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ રોયલ સ્ટગની ૧૮૦મીલી.ની ત્રણ નંગ બોટલ કિ.રૂ.૫૪૦/-મળી આવી હતી. જેથી પોલીસે એકટીવા તથા વિદેશી દારૂ સહિત રૂ.૩૦,૫૪૦/-નો મુદ્દામાલ જપ્ત કરી, આરોપી મોપેડ માલીક સહિત તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારાના ખાખરા ગામેથી વિદેશી દારૂની ૨૪ બોટલ ઝડપાઈ, આરોપીની શોધખોળ

ટંકારા પોલીસ ટીમને બાતમી મળી કે, ખાખરા ગામે રહેતા પ્રફુલભાઈ અઘારીયા પોતાના ઘરની પાછળ ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જે મુજબની મળેલ બાતમીને આધારે ટંકારા પોલીસે ઉપરોક્ત ખાખરા ગામે દેવીપૂજકવાસમાં આરોપી પ્રફુલભાઈ ચનાભાઈ અઘારીયાના રહેણાંક પાછળ દરોડો પડતા, જ્યાં દીવાલ નજીક વિદેશી દારૂની ઓરેન્જ હિલ વોડકાની ૩૪ બોટલ કિ.રૂ.૭,૨૦૦/-મળી આવી હતી. દરોડા દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા, તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી ટંકારા પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને પકડી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જયશ્રી રામના ગગનભેદી નારા સાથે ભગવાન રામચંદ્રજીના જન્મના વધામણા


તસ્વીર : ગૌરવ લશ્કરી

## રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે 'જયશ્રી રામ'ના નાદ સાથે રથયાત્રા યોજાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જયશ્રી રામના ગગનભેદી નાદ સાથે આજે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ શહેરો-ગામોમાં ભગવાન રામચંદ્રજીના જન્મ વધામણાનો અવસર અનેરા ઉમંગ સાથે ઉજવાઇ રહ્યો છે. આવતીકાલે અનેક મંદિરોમાં રામજન્મોત્સવ ઉજવાશે. આજે વિહિપ દ્વારા રામલલ્લાના જન્મોત્સવ નિમિત્તે ઠેર ઠેર રથયાત્રાના આયોજનો થયા છે. રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે નાણાવટી ચોકથી રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. રથયાત્રામાં વિવિધ ફ્લોટસ સામેલ કરાયા હતા. રથયાત્રા દરમ્યાન 'જયશ્રી રામ'ના બુલંદ નારા ગુંજી ઉઠયા હતા. રથયાત્રા પૂર્વે સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ધર્મસભા યોજાઇ હતી. રથયાત્રા નાણાવટી ચોકથી પ્રારંભ થઇને રૈયા ચોકડી, કનૈયા ચોક, બ્રહ્મસમાજ, હનુમાન મઢી, નાગરિક બેંક, આમ્રપાલી ફાટક, કિસાનપરા ચોક, જીલ્લા પંચાયત, રોકડીયા હનુમાન ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, પંચનાથ મંદિર, ત્રિકોણબાગ, સાંગણવા ચોક, રાજશ્રી ટોકીઝ, સ્વામિનારાયણ મંદિર, ગુંદાવાડી, ભુતખાના થઇને સત્યયુગ શ્રી રામ મંદિરે રથયાત્રાનું સમાપન થયેલ હતું. રથયાત્રામાં મોટી સંખ્યામાં ફ્લોટસ રજુ કરાયા હતા.

પૂ. મહંત રાધેશ્યામ બાપુ, વિહિપના માવજીભાઇ ડોડીયા, નરેન્દ્રભાઇ દવે, હસુભાઇ ભગદેવ, શાંતુભાઇ રૂપારેલીયા, ભુપતભાઇ ગોવાણી, વિજયભાઇ વાંક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલથી જીજ્ઞેશદાદાના વ્યાસાસને ભાગવત સપ્તાહનો જાજરમાન પ્રારંભ



## કાલે બપોર બાદ જાગનાથ મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નિકળી રેસકોર્ષ ગ્રાઉન્ડ પહોંચશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલ તા. ૨૭ માર્ચથી ૨ એપ્રિલ, ૨૦૨૬ સુધી સમગ્ર રાજકોટમાં રાધે રાધેનો નાદ ગૂંજશે અને લાખો લોકો કૃષ્ણમય-ઈશ્વરમય બની જશે. સમગ્ર વિશ્વમાં સુપ્રસિધ્ધ ભાગવતચાર્ય પૂ. જીજ્ઞેશદાદા રાધે રાધેના વ્યાસાસને રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે રાત્રે ૮થી ૧૧ વાગ્યા સુધી સર્વજ્ઞાતિ પિતૃઓના મોક્ષાર્થે અને તથાસ્તુ વિદ્યાપીઠના લાભાર્થે પવિત્ર ભાગવત સપ્તાહનું અલૌકીક-દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કાલે સાંજે સાત વાગ્યે સાધુ સંતો, મહાનુભાવો તેમજ મનોરથી પરિવાર દ્વારા દીપ પ્રાગટય કરી જાજરમાન ભાગવત સપ્તાહ (શ્રીમદ્? ભાગવત મોક્ષગાથા)નો શુભ પ્રારંભ કરવામાં આવશે ગામેગામથી હજારો ભાવિકો પવિત્ર ભાગવત કથાનો લાભ લઇ પૂણ્યનું ભાથુ બાંધશે

આવતીકાલે સાંજે ૪:૩૦ વાગ્યે જાગનાથ મંદિર ચોક, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતેથી ભવ્ય-યાદગાર પોથીયાત્રાનો પ્રારંભ થશે, જે અદ્યતન સાઉન્ડ સીસ્ટમ પહોંચશે. પવિત્ર પોથીજીને વાજતે-ગાજતે વ્યાસપીઠ સુધી લઇ જવાશે. પોથીયાત્રા-શોભાયાત્રામાં બાઇકરેલી રૂપે સેંકડો બાઇક ઉપરાંત વિન્ટેજકાર, મર્સીડીસ, ઓડી, બીએમડબલ્યુ, મારૂતી , યુન્ડાઇ, ટાટા સહિતની ગાડીઓનો વિશાળ કાફલો, શણગાયેલા રથ, બગી અને ઘોડાગાડી સહિતના આકર્ષણો જમાવટ કરશે. મહિલામંડળના આગેવાનો-સભ્યો મહિલા કમિટિ મેમ્બર્સ સહિતના બહેનો ટ્રેડીશનલ ડ્રેસમાં રાસ-ગરબાની રમઝટ બોલાવશે. સર્વત્ર રાધે રાધેનો નાદ સતત ગૂંજતો રહેશે. ભાઇઓ-બહેનોને પવિત્ર પોથીયાત્રામાં ઉમટી પડવા સમગ્ર રાધે રાધે પરિવાર અને તથાસ્તુ વિદ્યાપીઠ પરિવાર તથા મુખ્ય મનોરથીઓ રાજુભાઇ પોબારૂ (પ્રભુગ્રૂપ),મનિષભાઇ માદેકા (રોલેક્ષરીંગ્સ લી.), હિરેનભાઇ ખખ્ખર (ફર્ન હોટલ, દ્વારકા તથા રાજસ્ન્સ એક્ષ્પોર્ટ) સુધીરભાઇ દુબલ (હાથી મસાલા) સહિતના મનોરથીઓએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# સમાચાર સંક્ષીપ્તમાં

## મોરબી નાની બજાર વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે પૂર્વ બાતમીને આધારે એજાઝ ઉર્ફે એજલો મહેબૂબભાઈ ચાનીયા રહે. ગ્રીન ચોક નાની બજાર વાળાના ઘરની બાજુની શેરીમાં ખુલ્લા પ્લોટમાં રેઇડ કરી હતી, જ્યાંથી પોલીસે વિદેશી દારૂ અંકલ ટોમ વોડકાની ૩ બોટલ કિ.રૂ. ૯૦૦/-તથા કાંગરો બિયરના ૬ નંગ ટીન કિ.રૂ. ૯૦૦/-સહિત કુલ રો.૧,૮૦૦/-મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી એજાઝ ઉર્ફે એજલો સ્થળ ઉપર નહિ મળી આવતા, પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે તેને ફરાર દર્શાવી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

## મોરબી હાઉસિંગ નજીક એકટીવામાં ૪ ચપલા સાથે નીકળેલ કારખાનેદાર પકડાયો

મોરબીના શનાળા રોડ હાઉસિંગ બોર્ડ નજીક એ ડિવિઝન પોલીસ ટીમ વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ઉમિયા સર્કલ તરફથી આવતા એકટીવા રજી.નં.જીજે-૩૬-કે-૮૩૨૨ મોપેડને રોકાવી તેની તલાસી લેતા એકટીવામાંથી વિદેશી દારૂ ૮ પીએમ વ્હિસ્કીના ૧૮૦મીલી.ના ચાર ચપલા કિ.રૂ. ૪૮૦/-મળી આવ્યા હતા, જેથી તુરંત એકટીવા ચાલક આરોપી જયેશભાઇ પ્રભુલાલ ચનીયારા ઉવ.૩૮ રહે. નાની કેનાલ રોડ ઓમ પાર્ક સામે મહાવીર એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૨૦૩ મોરબી મૂળ રહે આગાભી પીપળીયા તા.વાંકાનેર વાળાની વિદેશી દારૂ તથા એકટીવા સહિત કિ.રૂ. ૩૦,૪૮૦/-ના મુદ્દામાલ સાથે અટકાયત કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## વાંકાનેરમાં નદીના ખુલ્લા પટ્ટમાં જુગાર રમતા પાંચ જુગારી ઝબ્બે, બે ભાગી છૂટ્યા

વાંકાનેરના નવાપરા ખડીપરા વિસ્તારમાં ઇટ્ટોના ભઠ્ઠા પાછળ નદીના ખુલ્લા પટ્ટમાં સીટી પોલીસે બાતમીને આધારે રેઇડ કરતા, જ્યાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો પૈસાની હારજીતનો જુગાર રમતા સુનીલભાઈ શંકરભાઈ સારલા ઉવ.૨૯ રહે.ખડીપરા નવાપરા વાંકાનેર, સતીષભાઈ નરશીભાઈ સોલંકી ઉવ.૩૨ રહે.ખડીપરા નવાપરા વાંકાનેર, રાકેશભાઈ ગોવિંદભાઈ સોલંકી ઉવ.૨૧ રહે.ખડીપરા નવાપરા, વાંકાનેર, વિપુલભાઈ ઠાકરશીભાઈ હીરાણી ઉવ.૪૮ ભાટીયા સોસાયટી બાલા હનુમાન પાસે વાંકાનેર તથા હુશેનભાઈ ઉર્ફે ઓટુ વલીમહમદભાઈ શેખાણી ઉવ.૩૯ રહે.લક્ષ્મીપરા શેરી નં.૩ વાંકાનેરવાળાને ઝડપી લેવામાં આવ્યા હતા, જ્યારે રેઇડ દરમિયાન નાસ ભાગમાં બે આરોપી નીકુંજ રમેશભાઈ ડાભી રહે. નવાપરા વાંકાનેર તથા સાગર ઉર્ફે હડો કોળી રહે.મીલ પ્લોટ વાંકાનેર વાળો નાસી ભાગી ગયા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૭૩,૨૦૦/-જપ્ત કરી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના માટેલ ગામે ખરાબાની જમીનમાં દેશી દારૂની ચાલુ ભઠ્ઠી સાથે એક પકડાયો

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકાના માટેલ ગામે અરમાનો સીરામીક ફેક્ટરીની બાજુમાં ખરાબામાં દરોડો કરતા જ્યાં આરોપી બળદેવભાઈ કેશરભાઈ ઘેણોજા ઉવ.૪૨ રહે.માટેલ ગામ તા.વાંકાનેર વાળો દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી સાથે ઝડપાઇ ગયો હતો. આ સાથે વાંકાનેર તાલુકા પોલીસે ગરમ આથો ૫૦ લીટર, તૈયાર દેશી દારૂ ૪ લીટર તથા ભઠ્ઠીની સાધન સામગ્રી સહિત રૂ.૨,૩૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી ઘુંટુ ગામ નજીક ફેક્ટરીમાં સીડી પરથી પટકાતા શ્રમિકનું મોત

મોરબી તાલુકાના ઘુંટુ ગામ નજીક આવેલ ટાઇલ્સ ફેક્ટરીમાં કામ દરમિયાન સીડી પરથી પડી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા શ્રમિકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ, હળવદ તાલુકાના ડુંગરપુર ગામે રહેતા આકરીયા મગનભાઇ ભાવુભાઇ ઉવ.૩૦ વાળા ઘુંટુ ગામ નજીક મારમોલા વિટ્રીફાઇડ એન્ડ ટાઇલ્સમાં કામ કરતા હતા તે દરમિયાન સીડી ઉપરથી પડી જતા ગંભીર ઇજા થતા તેઓને સારવાર અર્થે પ્રથમ સમર્પણ હોસ્પીટલ મોરબીથી વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બનાવ મામલે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

## બાવરીવાસમાં બે ઝૂંપડામાંથી મળી આવી દારૂની ભઠ્ઠી

જામનગરના સુમેર કલબ રોડ પરથી એક શખ્સ ઈંગ્લીશ દારૂના ચપલા સાથે ઝડપાઈ ગયો છે. જ્યારે વુલન મીલ રોડ પર બાવરીવાસમાં બે ઝૂંપડામાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી છે.જામનગરના સુમેર કલબ રોડ પરથી પસાર થતાં દિગ્વિજય પ્લોટ-૫૮માં કેળાની વખાર પાસે રહેતા રમેશ લાલજીભાઈ ભદ્રા નામના શખ્સને પોલીસે રોકાવી તલાશી લેતા તેની પાસેથી ઈંગ્લીશ દારૂનું ચપલુ મળી આવ્યું હતું. ચપલુ કબજે કરી પોલીસે રમેશ ભદ્રાની ધરપકડ કરી છે.જામનગરના દિગ્જામ વુલન મીલ રોડ પર ખુલ્લા ફાટક નજીક બાવરીવાસમાં અમરાવતીબેન સખીલાલ પરમારના ઝૂંપડામાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી છે. સ્થળ પરથી તૈયાર દારૂ, ૮૦ લીટર આથો, ભઠ્ઠીના સાધનો કબજે કરાયા છે. જ્યારે જમનાબેન હનીફ સાટીના ઝૂંપડામાંથી પણ ભઠ્ઠી સાંપડી છે. તે સ્થળેથી ૬૦ લીટર આથો, તૈયાર દારૂ, ભઠ્ઠીના સાધનો કબજે લેવાયા છે.

# હીટ વેવથી બચવા માટે લેવાના પગલાં

રાજકોટ જિલ્લામાં હાલ હીટ વેવની અસર વર્તાઈ રહી છે. જેનાથી બચવા માટે રાજકોટ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન મંડળે નીચે મુજબ પગલાં લેવા અનુરોધ કર્યો છે.

**હીટ વેવથી બચવા શું કરવું**

- સ્થાનિક હવામાનની આગાહી માટે રેડિયો સાંભળવો જોઈએ, ટી.વી. જોવું તથા અખબાર વાંચવું જોઈએ.
- પુરતું પાણી પીવું તથા ઓ.આર.એસ., ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, પાકી કેરીનો રસ (કાચી કેરી), લીંબુ પાણી, છાશ વગેરેનો ઉપયોગ કરવો જોઈએ, જે શરીરને હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે.
- હળવા, સફેદ રંગના, ખુલતા અને છિદ્રાળુ સુતરાઉ કપડાં પહેરવા જોઈએ.
- બને તેટલું ઘરની અંદર રહેવું તથા તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, શુઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરવો જોઈએ. માથાને ઢાંકવા માટે કાપડ, ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરવો જોઈએ.
- ઘરને ઠંડુ રાખવા પડદા, શટર અથવા સનશેડનો ઉપયોગ કરવો જોઈએ અને રાત્રીના સમયે બારીઓ ખુલ્લી રાખવી જોઈએ.
- હીટ સ્ટ્રોક, હીટ રેશ અથવા હીટ ક્રેમ્પ જેવા કે નબળાઈ, ચક્કર આવવાના સંકેતોને ઓળખો.
- માથાનો દુખાવો, ઉબકા, પરસેવો, બેચેની, ગભરામણ અનુભવો તો તરત જ ડોકટરનો સંપર્ક કરવો જોઈએ.
- પ્રાણીઓને છાંયડામાં રાખવા જોઈએ અને તેમને પીવા માટે પુષ્કળ પાણી આપવું જોઈએ.
- રસોડામાં પૂરતા પ્રમાણમાં હવાની અવરજવર માટે દરવાજા અને બારીઓ ખુલ્લી રાખવી જોઈએ.

**હીટ વેવથી બચવા શું ન કરવું**

- તડકામાં બહાર જવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને બપોરે ૧૨ કલાકથી બપોરે ૦૩ કલાકની વચ્ચે બહાર નીકળવું જોઈએ નહીં.
- ભારે અથવા ચુસ્ત કપડાં પહેરવા જોઈએ નહીં.
- જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે સખત શારીરિક શ્રમયુક્ત પ્રવૃતિઓ કરવી જોઈએ નહીં.
- ખુલ્લા પગે બહાર જવું જોઈએ નહીં.
- બાળકો તથા પાલતુ પ્રાણીઓને પાર્ક કરેલા વાહનોમાં છોડશો નહીં કારણ કે તેઓ હીટવેવથી પ્રભાવિત થઈ શકે છે.
- આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંકસનું સેવન કરવું જોઈએ નહીં, કારણ કે તે શરીરને ડીહાઈડ્રેટ કરે છે.
- વાસી આહાર લેવો જોઈએ નહીં.

હાલ ઉનાળાની ઋતુમાં હીટ વેવથી બચવા લોકોને આ પગલાં લઇ પોતાનું જીવન સુરક્ષિત બનાવવા વહીવટી તંત્ર તરફથી અનુરોધ કરવામાં આવે છે. આ બાબતે કોઈપણ મુશ્કેલી જણાય તો ૧૦૮ ઈમરજન્સી અથવા ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, રાજકોટ ખાતે ફોન નં. ૦૨૮૧-૨૪૭૧૫૭૩ તથા ટોલ ફ્રી નંબર ૧૦૭૭ પર સંપર્ક કરવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# ખીજડીયા પ્રાથમિક શાળા ખાતે શહીદ દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

## ૧૦૯ યુનિટ રક્ત એકત્ર કરી ક્રાંતિવીરોને અપાઈ ભાવાંજલિ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહીદ દિવસના પવિત્ર અવસરે દેશના અમર ક્રાંતિવીરો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના બલિદાનને યાદ કરી, ખીજડીયા પ્રાથમિક શાળા દ્વારા માનવતા અને દેશભક્તિના સંગમ સમાન મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય રામદેવસિંહ જાડેજા અને સરપંચ ગોપાલસિંહ રેવરના માર્ગદર્શન હેઠળ તેમજ સ્ટાફ મિત્રો રાજેશભાઈ, મયુરભાઈ અને સચિનભાઈના સહયોગથી યોજાયેલા આ સેવાયજ્ઞમાં ગ્રામજનો, વાલીઓ અને શિક્ષકોએ બહોળી સંખ્યામાં ઉમટી પડી કુલ ૧૦૯ યુનિટ રક્ત એકત્રિત કરી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં ખાસ કરીને મહિલા રક્તદાતાઓ અને પ્રથમ વખત રક્તદાન કરનાર નાગરિકોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં વિશાલભાઈ મિયાત્રા અને ગોપાલભાઈ મિયાત્રાએ ભોજન દાતા તરીકે સેવા આપી હતી, જ્યારે રક્તદાતાઓ માટે પ્રોત્સાહક ભેટ માટે જીગ્નેશભાઈ ચોવટીયા, આરકે ગ્રુપના સર્વાનંદભાઈ સોનવાણી તેમજ પરિમલ પરડવા અને મેહુલ પરડવા દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.આ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાન સાબિત થશે તેવો શાળા પરિવારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# ૨૬ એપ્રિલ સુધી આઈ-ખેડુત પોર્ટલ પર અરજી કરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ હેઠળ વિવિધ ખેત ઓજાર સાધનો (કમ્બાઈન હાર્વેસ્ટર, કલ્ટીવેટર, રોટાવેટર, લેસર લેન્ડ લેવલર, સબસોઈલર, પોટેટો પ્લાન્ટર, ગ્રાઉન્ડનટ ડીગર, હેરો (તમામ પ્રકાર), પ્લાઉ (તમામ પ્રકાર), પાવર ટીલર), તારની વાડ, સોલાર પાવર યુનિટ, પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન), માલ વાહક વાહન, પમ્પ સેટ્સ પાક સંરક્ષણ સાધનો અને સમાર્ટફોન ખરીદી પર સહાય વગેરે જેવા ૪૨ ઘટકો માટે આઇ ખેડુત પોર્ટલ તા. ૨૭ માર્ચ ૨૦૨૬ થી તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ સુધી ખેડુતો દ્વારા ઓનલાઇન અરજીઓ કરવા માટે ખુલ્લું મૂકવામાં આવનાર છે.

ચાલુ વર્ષે આઈ.ખેડૂત પોર્ટલ પર નોંધણી થયેલ ખેડૂતો અને નોધણી બાકી હોય તેવા તમામ ખેડૂતોએ ઓનલાઈન પોર્ટલ પર આધાર ઓથેન્ટિકેશન માટે આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર મારફત OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા કરી શકાશે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા આધાર ઓથેન્ટિકેશન કર્યા બાદ ઘટક માટેની જરૂરી વિગતો ભરી અરજી કરવાની રહેશે.

આથી, ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂત મિત્રોએ આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર પર મળેલ OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા નોંધણી/અરજી કરવા તમામ ખેડૂતોને અનુરોધ કરવામાં આવે છે.

# મોરબીમાં ફાયર સેફ્ટી જાગૃતિ અભિયાન અંતર્ગત ૫૯ કર્મચારીઓને ટ્રેનિંગ અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ શહેરમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ વધારવા માટે ૩ સરકારી કચેરી અને ૧ હોસ્પિટલના એમ કુલ ૫૯ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ આપી હતી. સાથે જ વિવિધ બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટી ચેકિંગ, એનઓસી વિના ચાલતા એકમોને નોટીસ અને જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા તા.૧૭ થી ૨૩ માર્ચ દરમિયાન ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવવા માટે ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત ૩ સરકારી કચેરીના ૩૪ કર્મચારીઓ અને ૧ હોસ્પિટલના ૨૫ સ્ટાફ સહિત કુલ ૫૯ લોકોને ફાયર પ્રિવેન્શન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સાથે સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઔદ્યોગિક એકમોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી કરી એનઓસી વિના ચાલતા બિલ્ડીંગોને નોટીસ આપી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. અગાઉની કાર્યવાહી મુજબ ૧૯૫ કોમ્પ્લેક્ષ અને ૩૮ સમાજવાડીઓમાં ફાયર સેફ્ટી સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. તેમજ ૫ નવી ફાયર સેફ્ટી મંજૂરી માટેની અરજીઓ આરએફઓ કચેરીમાં મોકલવામાં આવી છે. આ સમગ્ર અભિયાનનો હેતુ નાગરિકોને ફાયર સેફ્ટી અંગે જાગૃત બનાવવાનો અને ઈમરજન્સીમાં જાન-માલની હાનિ અટકાવવાનો છે.

# માળીયા(મી) ના હરિપર ગામ નજીક બંધ ટ્રક પાછળ આઈસર અથડાતા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)-કંડલા નેશનલ હાઇવે ઉપર હરિપર ગામથી આગળ રોડ ઉપર બંધ પડેલ ટ્રકની પાછળ આઇસર ટ્રક અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં આઇસર ચાલકનું સ્થળ ઉપર જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. હાલ ટ્રક ચાલકની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે આરોપી મૃતક આઇસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના જાલણસર ગામના રહેવાસી પંકજભાઈ અરજણભાઈ ગોંડલીયા પોતાના હવાલા વાળો ટ્રક રજી.નં. જીજે-૧૨-બીવી-૭૧૯૧ લઈને અમદાવાદથી ચોખા ભરીને મુન્દ્રા ખાતે ખાલી કરવા જઈ રહ્યા હોય તે દરમિયાન રાત્રીના ૨.૩૦ વાગ્યાની આસપાસ માળીયા(મી) ના હરિપર ગામ નજીક એસ.એસ.સોલ્ટ નામના મીઠાના કારખાના સામે તેમના ટ્રકનું થાય ફાટતા ટ્રક રોડના ડિવાઈડર સાઈડમાં ઉભો રહી ગયેલ હોય જેથી ટ્રક ચાલક પંકાજભાઈએ તુરંત પોતાના ટ્રક વાહનની સિગ્નલ લાઈટો ચાલુ કરી અને પોતાના હાથમાં હાથબત્તી લઈને ટ્રકની ઓઅછ્લ ઉભા રહીને ઓઅછ્લ આવતા વાહનોને સાઈડમાં ચાલવા ઈશારા કરતા હોય આ દરમિયાન એક આઈસર રજી.નં. આરજે-૧૯-જીજી-૭૩૬૪ ના ચાલક દેવારામ છોગારામ દારા ઉવ.૩૦ રહે. રામપુરીયા જી.જોધપુર(રાજસ્થાન) વાળાએ પોતાનો આઈસર ટ્રક ફૂલ સ્પીડમાં અને ગફતભરી રીતે ચલાવી આવી ધડાકાભેર બંધ પડેલ ટ્રકની પાછળના ભાગમાં અથડાયો હતો. અકસ્માતના બનાવ બાદ આઈસર ટ્રકની કેબિનમાં ફસાયેલા ચાલક દેવારામને બહાર કાઢવામાં આવ્યો હતો. જ્યાંથી તેને માળીયા સરકારી હોસ્પિટલ ખાતે લાવતા તેને ડોકટરે મૃત જાહેર કર્યો હતો. હાલ અકસ્માતના બનાવ અંગે માળીયા(મી) પોલીસે પંકાજભાઈની ફરિયાદને આધારે આરોપી મૃતક આઇસર ચાલક દેવારામ સામે ગુનો નોંધી આગળની તજવીજ શરૂ કરી છે.

# મોરબીમાં ૪૫ કરોડના ખર્ચે પાંચ નવા ફાયર સ્ટેશનો બનાવવાની પ્રક્રિયા શરૂ

## આધુનિક સુવિધાઓ સાથે શહેરની ફાયર સેફ્ટી વ્યવસ્થા બનશે વધુ મજબૂત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની સુરક્ષા વધારવા પાંચ નવા ફાયર સ્ટેશનોના નિર્માણ માટે કામગીરી શરૂ કરાઈ છે, જેમાં સુધારા વાળી શેરી ફાયર સ્ટેશન, મોડેલ ફાયર સ્ટેશન માળીયા ફાટક સર્કિટ હાઉસ નજીક, ઝોનલ ફાયર સ્ટેશન શકત શનાળા, અમરેલી ફાયર સ્ટેશન કંડલા બાયપાસ રોડ તથા એસપી રોડ રવાપર રોડ એમ વિવિધ પાંચ સ્થળે ફાયર સ્ટેશનોમાં હાઈ-ટેક સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ફાયર સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ પાંચ નવા ફાયર સ્ટેશનો બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેના માટે અંદાજિત રૂ.૪૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ નવા ફાયર સ્ટેશનોમાં આધુનિક કંટ્રોલ રૂમ, ફાયર ફાઈટર વાહનો માટે વિશાળ ગેરેજ, સ્ટાફ માટે રહેણાંક ક્વાર્ટર્સ તેમજ અન્ડરગ્રાઉન્ડ અને એલિવેટેડ પાણીની ટાંકીઓ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. તેમાં સુધારા શેરી અને માળીયા ફાટક વિસ્તારના સ્ટેશનોના બાંધકામ કામો હાલ પ્રગતિમાં છે અને જુલાઈ ૨૦૨૭ સુધી પૂર્ણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે અન્ય સ્ટેશનો માટેની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મોરબીમાં આગ જેવી આફતો સામે વધુ ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપવો શક્ય બનશે, જેથી શહેરની સુરક્ષા વ્યવસ્થા વધુ સશક્ત બનશે.

# મોરબીના જીલોટ કારખાનામાં વેલ્ડિંગ દરમિયાન આગ લાગતા દાઝી ગયેલ શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળારોડ સ્થિત જીઆઇડીસીમાં આવેલ જીલોટ બોલ્ટ ઇન્ડસ્ટ્રીઝમાં ડિઝલના ખાલી બેરલ કાપતી વખતે આગ લાગતા ગંભીર રીતે દાઝેલા શ્રમિકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું, બનાવ મામલે શહેર પોલીસે અ. મોતની નોંધ કરી છે. મોરબીના જીઆઈડીસીમાં આવેલ જીલોટ બોલ્ટ ઇન્ડસ્ટ્રીઝમાં રહેતા મુળ અસરફાબાદ તા.ખાલીલાબાદ જી.કબીરનગર ઉત્તરપ્રદેશના વતની બાબુરામ બેચુભાઇ વિશ્વકર્મા (ઉ.વ.૫૫) વાળા ગત તા.૧૭/૩ના રોજ સવારે લગભગ દસ વાગ્યાના આસપાસ તેઓ ડિઝલના ખાલી લોખંડના બેરલને વેલ્ડિંગ દ્વારા કાપી રહ્યા હતા. આ દરમિયાન અચાનક આગ લાગતા તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં તેમને તાત્કાલિક મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તા.૨૪/૦૩/૨૦૨૬ના રોજ તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓખા - ભાવનગર ટ્રેનનો પીપળી સ્ટેશન પરનો સ્ટોપેજ રદ્દ કરાયો

## તા.૩૧મી સુધી ટ્રેન પીપળી સ્ટેશન ઉભી નહી રહે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝન હેઠળના પીપળી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ વધારવાના ઉદ્દેશ્ય સાથે ફૂટ ઓવર બ્રિજ અને નવા પ્લેટફોર્મનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.

આ કામગીરીને ધ્યાનમાં રાખીને ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ, જે અગાઉ ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી રદ કરવામાં આવ્યું હતું, તે હવે લંબાવીને ૩૧ મે, ૨૦૨૬ સુધી કરવામાં આવ્યું છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે કૃપા કરીને ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઇટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો, જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ટાળી શકાય.

# ખુનની કોશિશ તથા એટ્રોસિટીના ગુન્હામાં મુખ્ય આરોપીના જામીન મંજુર કરતી ગોંડલ સેશન્સ કોર્ટ

## આ કેસમાં મુખ્ય આરોપી વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, જીતભાઈ શાહ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફરીયાદી મુકેશભાઇ નાજાભાઈ રાઠોડ બનાવના દિવસે તારીખ૨૭/૧૧/૨૦૨૫ના રોજ શાપર-વેરાવળ ખાતે માઈક્રોમેલ્ટના ગેઈટ પાસે આવેલ ખેતલાઆપા ચાની હોટલે ચા પીધા બાદ પોતાના ઘર તરફ પરત જઈ રહેલા હતા ત્યારે માઈક્રોમેલ્ટના ગેઈટની ગોળાઈ પાસે ફરીયાદીના ઘરની બાજુમાં રહેતા આરોપીઓ ધના ગઢવી, ભોજાભાઈ ગઢવી તથા મેઘાભાઈ ગઢવીએ ઘર સામે ચાલવા બાબતે અગાઉ થયેલ બોલા-ચાલીનો ખાર રાખી કાળા કલરની સ્કોર્પીયો ગાડીમાં આવી ફરીયાદીને ઊભો રાખી અને ગાળો આપવા લાગેલ જેથી ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાય ગયેલ અને ફરીયાદી ઉપર મુખ્ય આરોપી ધનાભાઈએ કુહાડીથી માથા ઉપર હુમલો કરી તેમજ અન્ય આરોપીઓએ ફરીયાદીને શરીર પર બન્ને હાથ, બન્ને પગમાં અત્યંત ગંભીર જીવલેણ ઈજાઓ કરી અને ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી આજે તો તને પુરો જ કરી નાખવો છે તેમ ધમકી આપી જતાં રહેલ ત્યારબાદ ફરીયાદીના સગાએ ૧૦૮ને ફોન કરી તાત્કાલિક રાજકોટ સરકારી હોસ્પિટલ તેમજ ત્યાથી પ્રાઈવેટ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ હોસ્પિટલમાથી ફરીયાદી દ્વારા બી.એન.એસની કલમ ૧૦૯, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૩), ૩૫૨ અને ૫૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (૫) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ૧૩૫ મુજબની આક્ષેપિત ફરીયાદ આપવામાં આવેલ જેથી શાપર-વેરાવળ પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજુ કરતાં આરોપીઓને જેલ હવાલે કરવામાં આવેલ.

જેલમાં રહેલ મુખ્ય આરોપી ધનાભાઈ સ્વદાસભાઈ માવલીયા કે જેણે ફરીયાદીને કુહાડાથી ગંભીર ઈજાઓ કરેલ તેણે તેમના વકીલ રૂપરાજસિંહ પરમાર મારફત રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરેલ હતી સદરહુ અરજી સાંભળવા પર આવતા આરોપીના વકીલ, સરકારી વકીલ તથા ફરીયાદીના વકીલની દલીલો સાંભળી તેમજ ફરીયાદીએ જાતે હાજર રહીને આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ તેમજ અગાઉ પણ આરોપી વિરુદ્ધ ફરીયાદ કરેલ હોવાનું તેમજ આરોપીના ડરના કારણે પોતાનું રહેઠાણ છોડીને જતું રહેવાની નોબત આવેલ હોય તેવી ઉગ્ર રજૂઆતો કરી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ હતી તેમજ આરોપી તરફે થયેલ દલીલ તેમજ રજુ થયેલ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના આધારે ગોંડલ સેશન્સ કોર્ટ દ્વારા મુખ્ય આરોપીના જામીન મંજુર કરવામાં આવેલ હતા.

આ કેસમાં મુખ્ય આરોપી ધનાભાઈ સ્વદાસભાઈ માવલીયા વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, જીતભાઈ શાહ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

## તારો વીડિયો મારી પાસે છે, તારા સગા-વ્હાલાને મોકલી તને બદનામ કરી નાખીશ

# ધમકી આપી મહિલા પર અનેકવાર રીક્ષા ચાલકે દુષ્કર્મ આચર્યુ

## ■ બે સંતાનની માતાએ ભક્તિનગર પોલીસમાં ફરીયાદ કરતા પોલીસે દેવપરાના વિધર્મી શખ્સને અટકાયતમાં લઇ તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ભૂતકાળમાં અનેકવાર લગ્નની લાલચ આપી પ્રેમ સંબંધ બાંધી દુષ્કર્મ કર્યાની ઘટનાઓ અનેકવાર પોલીસ ચોપડે નોંધાઇ છે. ત્યારે વધુ એક મહિલાના વીડિયો અંગે ધમકી આપી રીક્ષા ચાલકે વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાતા પોલીસે વિધર્મી શખ્સને અટકાયતમાં લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક ૪૫ વર્ષીય મહિલાએ ભક્તિનગર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે, તેણીને સંતાનમાં એક દિકરો અને એક દીકરી છે અને પરિવાર સાથે રહે છે. આજથી ચાર વર્ષ પહેલા તે માતાજીના મંદિરે દર્શન કરવા જવા ઘરેથી નિકળી હતી ત્યારે ઓટો રીક્ષામાં બેસી જતી હોય અને રીક્ષા ચાલક ઝુબેર કાસમ કુરેશી (રહે.દેવપરા, સિંદુરીયાખાણ, પંચમુખી હોટલ વાળી શેરી, કોઠારીયા રોડ) સાથે પરિચય થયો હતો અને સમય જતા બન્ને એકબીજા સાથે મોબાઇલમાં વાતચીતો કરતા હોય અને બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો ત્યારબાદ આ રીક્ષા ચાલક ઝુબેર તેના ઘરે ગયો હોય અને તેણી એકલી હતી ત્યારે તેના પર દુષ્કર્મ આચર્યુ હતું. આ સમયે અંગત પળોનો વીડિયો છુપી રીતે ઝુબેરે પોતાના મોબાઇલમાં બનાવી લીધો હતો. ત્યારબાદ અવારને અવાર આ શખ્સ મહિલાને ધમકી આપતો હતો કે, તારો વીડિયો મારી પાસે છે તે તારા સગા-વ્હાલાને મોકલી બદનામ કરી નાખીશ તેવી ધમકી આપતો હોય અને બદનામીના ડરથી મહિલા તેને વશ થતી હતી અને આ શખ્સ મહિલા પર અવારને અવાર દુષ્કર્મ ગુજારતો હતો.

૪૫ વર્ષીય મહિલાએ ભક્તિનગર પોલીસમાં ફરીયાદ નોંધાવતા પીઆઇ એમ.એન.સરવૈયાના માર્ગદર્શન હેઠળ મહિલા પીએસઆઇ સી.ડી.અજોડીયા, એએસઆઇ શૈલેષભાઇ, કોન્સ. કિશનભાઇ સહિતના સ્ટાફે ગુન્હો નોંધી ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ ગણતરીની કલાકોમાં જ રીક્ષા ચાલક ઝુબેર કુરેશીને અટકાયતમાં લઇ તેનો મોબાઇલ કબ્જે કરી એફએસએલમાં મોકલાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# કોઠારીયા સોલવન્ટ પાસે પ્રેમલગ્નના ઝઘડામાં યુવાનનું અપહરણ



## ■ દીકરીને ઘરે પાછી મુકી જાજે, નહિતર મારી નાખી, લાશ ગીરમાં ફેંકી દેશું : ઈજાગ્રસ્ત યુવાન રાજકોટ સિવિલમાં સારવાર હેઠળ : દીકરીના પિતા સહિતના સામે ગુનો દાખલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા સોલવન્ટમાં પ્રેમલગ્નના ડખ્ખામાં યુવકનું અપહરણ થયું હતું. ઢોર માર માર્યો હતો અને ધમકી અપાઈ હતી કે, દીકરીને ઘરે પાછી મુકી જાજે, નહિતર જાનથી મારી નાખી, લાશ ગીરમાં ફેંકી દેશું. આ અંગે આજીડેમ પોલીસે દીકરીના પિતા સહિતના સામે ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદમાં ભરત કરમણભાઈ ભરવાડ (ઉંમર વર્ષ ૨૨)એ જણાવ્યું કે, હું શુભમ મેઈન રોડ, ખોડીયાર ડેરીની સામે કોઠારીયા સોલવંટમાં મારા પરિવાર સાથે રહું છું અને મારા ઘરની પાસે આર.કે. સ્કૂલની બાજુમાં મોમાઈ મોબાઈલ નામની દુકાન ધરાવીને વેપાર કરું છું. પરિવારમાં મારા માતા-પિતા તેમજ ચાર ભાઈ તથા એક બહેન તેમાં સૌથી મોટો મહેશ (ઉંમર વર્ષ ૨૮)ના લગ્ન થઈ ગયા છે અને ગામડે રહે છે. તેનાથી નાનો ભાઈ જયેશ આર્મીમાં છે.

તેનાથી નાનોભાઈ વિજયભાઈ (ઉંમર વર્ષ ૨૪) જેને આઠેક મહીના પહેલા રામભાઈ ટોળીયાની દીકરી પાયલ સાથે પ્રેમ લગ્ન કરેલ છે. બાદ હું અને મારા નાના એક બહેન છે. ગઈકાલ રાત્રીના દસક વાગ્યે હું મારી મોબાઈલની દુકાન બંધ કરી મારા ફઈ અનુબેન મંગાભાઈ જોગરાણાના ઘરે જતો હતો અને ત્યાં પહોંચી જમવા બેસેલ. તેવામાં મારા ફઈનો દીકરો ગોપાલ મારી પાસે આવીને કહેવા લાગ્યો તમને બહાર અમુક લોકો આવેલા છે તે બોલાવે છે.

શેરીમાં નીકળેલ તો ચારેક અજાણ્યા માણસો મારા પર તૂટી પડેલા. કહેવા લાગ્યા કે, તું જ વિજયનો ભાઈ છે. ઢીકા પાટુનો માર મારવા લાગેલ. તેવામાં ધીરુભાઈ ટોળીયા તથા રામભાઇ ટોળીયા તથા રાહુલ ટોળીયા અને ખોડાભાઈ જોગરાણા પણ ત્યાં આવી ગયેલ. તેઓ પણ મને ઢીક્કા પાટુનો માર મારવા લાગ્યા હતા. મને ઢસડીને ખોડિયાર ડેરી સુધી લઈ ગયેલા.

માર મારી મને તેઓની સ્વીફ્ટ ગાડીમાં બેસાડી દીધો, ૪ અજાણ્યા લોકો મારી સાથે સ્વીફ્ટ ગાડીમાં બેસેલ તેમજ અન્ય ધીરુભાઈ, રામાભાઈ, રાહુલભાઈ તથા ખોડાભાઈ ઈનોવામાં બેસી ગયા હતા. મને શાપરના ગોંડલ રોડ પાસેના પુલ બાજુ લઈ ગયેલા. ગાડી ઉભી રાખી મને ઉતારી લાકડાના ધોકા વડે આડેધડ માર માર્યો હતો. એક અજાણ્યા શખ્સએ પોતાના નેફામાંથી છરી કાઢી મને કહેવા લાગેલ કે તારા ભાઈને કહી દેજે પાયલને ઘરે પરત મૂકી જાય બાકી તારા ભાઈની પણ આવી જ હાલત કરીશું. મને ફરી માર માર્યો હતો.

હું બેભાન જેવો થઈ ગઈ નીચે પડી જતા મને કારમાં બેસાડી સીતારામ સોસાયટી પાસે ગાડીમાંથી ધક્કો મારી નીચે પાડી દઈ આ લોકો ત્યાંથી જતા રહેલ હતા. મને કહેતા ગયેલ કે પાયલને ઘરે પરત પહોંચાડી દેજે બાકી જાનથી મારી નાખીશ. લાશને ગીરમાં ફેકી દેશું. આ બાબતે કંઈ ફરક પણ નહીં પડે. જેલમાં જવાથી અમે બીતા નથી. તેઓ ગયા પછી મારા ઓળખીતા લાલાભાઈ વાળંદ ત્યાંથી નીકળેલ. તેઓએ ભાઈ જયેશને ફોન કરી બધાને બોલાવેલ અને મને ૧૦૮માં રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હતો.

# ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં ૨૪ કેરબામાંથી દારૂની ૧૦૮ બોટલ મળી: બે બુટલેગરો ઝબ્બે

## મોટામવામાં ઘરમાંથી ૩૬ બોટલ દારૂ સાથે મહિલા બુટલેગર ઝડપાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસે દારૂના ધંધાર્થી પર ઘોંસ બોલાવી છે. દારૂના બે દરોડા પાડી રૂ. ૪.૩૨ લાખના દારૂ સાથે મહિલા સહીત ત્રણ ને ઝડપી લીધા હતા. પીસીબી ટીમે ભક્તિનગર સ્ટેશન પ્લોટ નજીક કેરબામાંથી ૧૦૮ બોટલ, ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોટા મવાના એપાર્ટમેન્ટમાંથી ૩૬ બોટલ અને એલસીબી ઝોન-૨ ટીમે આંબેડકરનગરમાંથી ૧૦ બોટલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર પીસીબી પીઆઈ એમ આર ગોંડલીયાની રાહબરી હેઠળ એએસઆઈ સંતોષભાઈ મોરી, હરદેવસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ રાહુલગીરી ગોસ્વામી અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ કળોતરાની ટીમે ભક્તિનગર સ્ટેશન પ્લોટ ઉદ્યોગ નગર શેરી નં.-૩, સરકારી આઈ.ટી.આઈ. સામે જાહેર રોડ પર મનીષ ગીરીશભાઈ પાઉં નામના શખ્સ પાસે રહેલ બ્લુ કલરના કેરબામાં છુપાવેલ ઈંગ્લિશ દારૂનો જથ્થો કબ્જે કરી મનીષ ગીરીશ પાઉં (ઉ.વ.૩૮, રહે. જય ભવાની કૃપા મકાન, લાખના બંગલા પાછળ, ગાંધીગ્રામ) ને અટકાયતમાં લઈ ૧૪ કેરબામાંથી અંગ્રેજી શરાબનીદારૂની અલગ અલગ ૧૦૮ બોટલ રૂ.૩,૭૫,૬૪૮ કબજે કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીજા દરોડામાં ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ વનરાજસિંહ ડોડીયા અને તેની ટીમે કાલાવડ રોડ પર મોટામવા નજીક રુચિ રેસીડેન્સી બ્લોક નં.-૫૬, ગોવિંદ કલા નામના મકાનમાં રહેતા નમ્રતા જીતેન્દ્ર ભંભાણીના રહેણાંક મકાનમાં દરોડો પાડી રસોડાના પ્લેટફોર્મ નીચે રાખેલા અલગ અલગ પુઠાના બોક્સમાંથી રૂ.૫૮,૫૮૪ ની કિંમતની ૩૬ બોટલ દારૂ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૬૩,૫૮૪ નો મુદ્દામાલ કબજે કરી મહિલા આરોપી નમ્રતાબેન જીતેન્દ્ર ભંભાણીને પકડી કાર્યવાહી કરી હતી.

# અવધ બંગલાના સ્વિમિંગ પુલમાં ડૂબી જતા VVP કોલેજના છાત્રનું કરૂણ મોત



## પરીક્ષા આપી મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયેલો ૧૯ વર્ષીય યુવક દડો લેવા જતાં પાણીમાં ખાબક્યો; એકના એક પુત્રના નિધનથી પરિવારમાં શોકનું મોજું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની વીવીપી એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું કાલાવડ રોડ ઉપર આવેલા અવધ બંગલાના સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. બુધવારે સવારે પરીક્ષા પૂર્ણ કર્યા બાદ મિત્રો સાથે અવધ બંગલામાં ક્રિકેટ રમવા ગયેલો યુવક અકસ્માતે પાણીમાં પડ્યો હતો.

આ અંગેની મળતી માહિતી મુજબ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઓમ નગર સર્કલ પાસે આવેલી જલારામ સોસાયટીમાં રહેતો ધર્મિન હિતેશભાઈ મોરિધરા (ઉં.વ. ૧૯) બુધવારે સવારે કોલેજમાં પેપર આપીને તેના મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયો હતો. રમત દરમિયાન ક્રિકેટનો દડો બંગલાના સ્વિમિંગ પુલમાં પડ્યો હતો. ધર્મિન જ્યારે દડો લેવા માટે પુલના કિનારે ગયો ત્યારે ત્યાં જામેલી સેવાળને કારણે તેનો પગ લપસી ગયો અને તે સીધો ઊંડા પાણીમાં ખાબક્યો હતો. ધર્મિન પાણીમાં પડતા જ તેના મિત્રો તેને બચાવવા દોડી આવ્યા હતા. મિત્રોએ નજીક પડેલા લાકડા વડે તેને બહાર કાઢવા મથામણ કરી હતી પરંતુ ઊંડા પાણીને કારણે ધર્મિન ગરકાવ થઈ ગયો હતો. બનાવની જાણ થતા જ ૧૦૮ની ટીમ અને ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. તેને તાત્કાલિક બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

મૃતક ધર્મિન વીવીપી કોલેજમાં બી.ટેક.માં અભ્યાસ કરતો હતો અને તે પોતાના માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. જુવાનજોધ દીકરાના અકાળે અવસાનના સમાચાર મળતા જ પરિવાર પર આભ તૂટી પડયું છે. મેટોડા પોલીસ મથકના સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી બાદ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજયના ૨૫૪ પ્રમોટેડ બિનહથીયારી પીઆઇની પોસ્ટિંગ સાથે બદલી

## મહેફિલ કાંડથી વિવાદમાં આવેલા PSI ચંદ્રકલાબાની અમદાવાદ ગ્રામ્યમાં અને ૪૦થી વધુ PIને CID ક્રાઇમમાં મૂક્યા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ગુજરાત પોલીસના ૨૫૪ પોલીસ ઇન્સ્પેક્ટરોની બદલી કરવામાં આવી છે. રાજ્ય પોલીસ વડા દ્વારા બઢતી આપવામાં આવેલા પીઆઇને અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. PSIથી PIના પ્રમોશન બાદ પોસ્ટિંગ આપવામાં આવ્યા બાદ જે તે જગ્યાએ મૂકવામાં આવ્યા હતા. પ્રમોશન બાદ જે તે પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ આપવામાં આવ્યા હતા. ૨૫૪ જેટલા PIને એક સાથે પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. તેમજ ૫૧૮ બિન હથિયારધારી ની બદલી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પ્રમોશન બાદ પણ ૧૩ મહિના સુધી એ જ જગ્યાએ ફરજ બજાવતા PIની બદલી કરવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ગુજરાતના ૬૫૦થી વધારે પોલીસ ઇન્સ્પેક્ટરોની બદલીઓ કરવામાં આવનાર હોવાની ચર્ચા છેલ્લા બે દિવસથી ચાલી રહી હતી. જેની વચ્ચે આજે રાજ્ય પોલીસવડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા ૨૫૪ જેટલા પીઆઈની બદલી કરવામાં આવી છે જોકે આ તમામ પોલીસ ઇન્સ્પેક્ટર પીએસઆઇમાંથી પીઆઇ તરીકે પ્રમોશન મેળવી ચૂક્યા છે અને તેમને જે તે જગ્યા પર જ પ્રમોશન આપીને રાખવામાં આવ્યા હતા ત્યારબાદ હવે પોસ્ટિંગ આપી દેવામાં આવ્યા છે.

રાજ્ય પોલીસ વડા દ્વારા જે બદલીઓ કરવામાં આવી છે તેમાં વર્ષ ૨૦૧૩ અને વર્ષ ૨૦૧૬ની બેચના પીએસઆઇને પીઆઇ તરીકે પ્રમોશન આપવામાં આવ્યા હતા. પ્રમોશન આપવામાં આવ્યા ત્યારબાદ પીઆઇને પોસ્ટિંગ આપવામાં આવ્યું નહોતું જે તે જિલ્લા અને શહેરમાં જ પીઆઇ તરીકે રાખવામાં આવ્યા હતા. પોલીસ વડા દ્વારા આજે પીઆઈ તરીકે સત્તાવાર રીતે તેમને જે તે જિલ્લા અને શહેરમાં પીઆઇ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

અમદાવાદમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં મહેફિલ કાંડમાં PSI તરીકે વિવાદમાં આવેલા ચંદ્રકલાબા જાડેજાની ઈન્ટેલિજન્સમાં બદલી કરવામાં આવી ત્યારબાદ તેઓ પી.આઈ તરીકે નિમણૂક પામ્યા હતા. ઈન્ટેલિજન્સમાંથી હવે તેમને પીઆઈ તરીકે અમદાવાદ ગ્રામ્યમાં પોસ્ટિંગ આપવામાં આવેલું છે. અમદાવાદ શહેરના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પીઆઈ તરીકે મૂકવામાં આવેલા એચ.એમ. આહીરને CID ક્રાઇમમાં મૂકવામાં આવ્યા છે.

દિન પ્રતિદિન સાયબર ક્રાઇમના ગુનાઓ વધી રહ્યા છે ત્યારે સાયબર ક્રાઇમ માટે બનાવવામાં આવેલા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સમાં ૧૭ પીઆઈની નિમણૂક કરવામાં આવી છે. CID ક્રાઇમમાં પણ અલગ અલગ વિભાગો આવેલા છે જેમાં છેતરપિંડીથી લઈને સાયબર ક્રાઇમ બ્રાન્ચના પણ અલગ વિભાગો બનાવવામાં આવેલા છે ત્યારે CID ક્રાઇમમાં ૪૦થી વધારે પીઆઇની નિમણૂક કરવામાં આવી છે. ૨૫૪માંથી ૬૦થી વધુ પીઆઇને જે તે વિભાગોમાં પીઆઇ તરીકે મૂકવામાં આવ્યા છે જ્યારે બાકીના પીઆઇને જે તે જિલ્લા અને શહેરમાં પીઆઇ તરીકેનું પોસ્ટિંગ આપવામાં આવેલું છે.

# મોજશોખ પુરા કરવા ૧૦ બાઈકની ચોરી કરનાર બેલડી ઝડપાઇ

## ચોટીલામાં થયેલી આઠ વાહન ચોરીનો ભેદ ઉકેલાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૦ ચોરાઉ વાહન સાથે તસ્કર બેલડીની ક્રાઈમ બ્રાન્ચની ટીમે ધરપકડ કરી હતી. બે શખ્સોની પકડી લઈ રાજકોટ શહેર અને ચોટીલામાં નોંધાયેલા અલગ અલગ આઠ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એસ વી ચુડાસમાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એએસઆઈ યશવંતભાઈ ભગત, હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાળ કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપુરા અને સંજયભાઈ અલગોતરને મળેલી હકીકતના આધારે ૧૦ ચોરાઉ બાઈક સાથે રાહુલ ધીરુ પરમાર (ઉવ ૨૨ રહે. આજીડેમ ચોકડી પાસે, માંડા ડુંગર, ગોકુલ પાર્ક) અને ગોપાલ ઉર્ફે રોહિત રમેશ માલકીયા (ઉવ ૨૩ રહે. રણુજા મંદિર પાસે, ગધીવાડ શેરી નં.-૧, કોઠારીયા રોડ, મૂળ રહે. રેશમિયા ગામ, ચોટીલા, સુરેન્દ્રનગર) ની ધરપકડ કરી રૂ.૨.૨૦ લાખની કિંમતના ૧૦ ચોરાઉ બાઈક કબજે કર્યા હતાં.

પકડાયેલ આરોપીઓથી આજીડેમ પોલીસ મથકમાં નોંધાયેલ પાંચ, બી ડિવિઝનનો એક અને ચોટીલા પોલીસ મથકમાં નોંધાયેલા બે મળી કુલ આઠ ગુનાનો ભેદ ઉકલ્યો હતો. જયારે ચાર મહિના પૂર્વે નારણકા ગામથી નદીના રસ્તેથી એક હીરો હોન્ડા સ્પલેન્ડર પ્લસ વાહન અને બે મહિના પૂર્વે ગોંડલની આશાપુરા ચોકડી ખાતેથી સ્પલેન્ડર પ્લસ વાહન ચોરી ગયાની કબૂલાત આપી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને શખ્સો પોતાના મોજશોખ પુરા કરવા વાહનચોરીને અંજામ આપી સસ્તા ભાવે વાહનો વેંચી રોકડી કરી લેતા હતા. ઉપરાંત સારા વાહનોનો તેઓ રેસીંગમાં પણ ઉપયોગ કરતા હોવાનું પોલિસ તપાસમાં કબૂલાત આપી હતી.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બીજા ૧૫૦ ફૂટ રિંગ રોડ તથા જામનગર રોડ જંક્શન પર એન્ટ્રી વોલ બનાવવાનું કામ હાથ ધરાયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વેસ્ટ ઝોનમાં બીજા ૧૫૦ ફૂટ રિંગ રોડ તથા જામનગર રોડ જંક્શન પર ભવ્ય એન્ટ્રી વોલ સાથે બ્યુટીફીકેશનની કામગીરી અને રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધીના ૪૫ મીટરનો ડી.પી. રોડ વિકસાવવાનું કામ હાથ ધરવામાં આવેલ છે.

જામનગર રોડ અને બીજા ૧૫૦ ફૂટ રિંગ રોડના જંક્શન એટલે કે રાજકોટ શહેરના એન્ટ્રી પોઈન્ટનું સૌંદર્યીકરણ કરવા માટે રૂ. ૩.૭૧ કરોડના ખર્ચે કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેમાં રસ્તાના કોર્નર પર બંને તરફ ૧૧૩ રનિંગ મીટર લંબાઈની દીવાલ બનાવવામાં આવશે. આ એન્ટ્રી પોઈન્ટ ખાતે એક સર્કલનું પણ નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ માં રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધીના ૧૩૦૦ મીટર લંબાઈના અને ૪૫.૦૦ મી. પહોળાઈ ધરાવતા ડી.પી. રોડને ડેવલોપ કરવાનું કામ પણ હાથ ધરવામાં આવેલ છે. આ કામ માટે અંદાજે રૂ. ૧૭ કરોડનો ખર્ચ થશે.